# જ્ઞાન ગંગા

યુનિવર્સિટી મુખપત્ર

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

વર્ષ:૩ અંક:૧૦-૧૧ ઓક્ટોબર ૨૦૦૮

(ફક્ત આંતરિક વિતરણ)




वाक्-अर्थौ इव संपृक्तौ वाक्-अर्थ प्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वती-परमेश्वरौ ॥ - कालिदास

વાણી અને અર્થની જેમ જોડાયેલાં, જગતનાં માતાપિતારૂપ પાર્વતી-પરમેશ્વર(શંકર)ને (હું કવિ) વાણી અને અર્થના વરદાન માટે વંદન કરું છું.

## કુલપતિશ્રીની કલમે

શિક્ષકદિને સૌ શિક્ષકો અને શિક્ષણપ્રેમીઓને સાદર અભિનંદન પાઠવું છું અને થોડાક વિચારોને આ અવસરે આપની સમક્ષ મૂકવા ઈચ્છું છું.

ભારતીય સંસ્કૃતિને જ્ઞાનની સંસ્કૃતિ કહેવાય છે. જ્ઞાન-સંસ્કૃતિ કહેવા પાછળનું કારણ શું છે ? એક રીતે જોઈએ તો જે તે જ્ઞાન-સંસ્કૃતિ જ્ઞાનગ્રંથો અને હસ્તપ્રતોની સંખ્યાથી માપવામાં આવે છે. અમેરિકન વિદ્વાન પિટર સ્કાફને આધારે કહીએ તો સંસ્કૃતમાં ઉપલબ્ધ જ્ઞાનગ્રંથો અને હસ્તપ્રતની સંખ્યા પશ્ચિમી દર્શન અને જ્ઞાનની ભાષાઓ એટલે ગ્રીક અને લેટીનમાં ઉપલબ્ધ હસ્તપ્રતોની કુલ સંખ્યાથી 100(સો)ગણી વધારે છે. પિટર સ્કાફના અનુમાન કરતાં પણ સંસ્કૃતમાં જ્ઞાન-ગ્રંથોની સંખ્યા વધારે હશે એવું મારું સ્પષ્ટ મંતવ્ય છે.

કોઈ સંસ્કૃતિ જ્ઞાન-સંસ્કૃતિમાં પરિવર્તિત થાય એ દરમિયાન એમાં અનેક ઉથલ-પાથલ થાય છે. વિશ્વમાં યાન, ઈન્કન, ગ્રીક, અરબ વગેરે જ્ઞાનની સંસ્કૃતિઓ હતી પણ સમયના પ્રવાહમાં તે ટકી શકી નહીં. ભારતની જ્ઞાન-સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને કહી શકાય કે ભારત જ્ઞાન-સંસ્કૃતિ એટલા માટે બન્યું અને ટક્યું કેમ કે આ સંસ્કૃતિ 'learning' સંસ્કૃતિ છે. આમાં શીખવાનું કેન્દ્રમાં છે. આમાં teaching કરતાં learning પર વધુ ભાર છે. એટલા માટે ભારતીય ભાષાઓમાં teaching માટે કોઈ શબ્દ નથી જ્યારે અંગ્રેજીમાં teaching અને learning એમ બે જુદા જુદા શબ્દો છે અને બે જુદી વિભાવનાઓ છે. ભારતીય ભાષાઓમાં દા.ત. શિખવવું શબ્દ 'શીખવું' પરથી બન્યો છે. આ સંસ્કૃતિમાં 'શીખવું' શબ્દનું મહત્ત્વ છે એ જ કારણથી ભારતીય જ્ઞાન-સંસ્કૃતિ ટકી છે અને આ સંસ્કૃતિ સતત શીખનાર માનવને અવતાર બનાવી પૂજે છે. ભગવાન રામ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

રામને ભગવાનનું બિરુદ મળ્યું છે તેના મૂળમાં તેમની શીખવાની વૃત્તિ હતી અને આ સંસ્કૃતિ દશરથ અને કૌશલ્યાના પુત્ર રામને ભગવાન તરીકે પૂજે છે. ભગવાન થતાં પહેલાં રામ ઉત્તમ જિજ્ઞાસુ હતા. ઉત્કૃષ્ટ શીખનાર (learner) હતા. એ સમયના બ્રહ્મર્ષિ અને રાજર્ષિ પરંપરાના મહાન પ્રતિનિધિઓ વશિષ્ટ અને વિશ્વામિત્ર પાસેથી રામ શીખ્યા. વિશ્વામિત્ર રામને માત્ર 14 દિવસ માટે લઈ ગયા હતા. તેમણે દિવસ અને રાત ગુરુના સાન્નિધ્યમાં દરેક ક્ષણને માણી તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. વાર્તા, ઉપદેશ, અનુભવ અને અવલોકનથી જ્ઞાન પ્રાપ્ત કરે છે. પ્રયુક્તિથી ગુરુની સાથે માર્ગમાં વિશ્વામિત્ર ખંડેર થયેલ ઉર્ધ્વવસ્તુ નામક રાજ્યના પતનની રામ સાથે ચર્ચા કરે છે. એમાંથી મળેલ બોધપાઠ દ્વારા અયોધ્યાની રાજગાદી માટે સંભવિત યુદ્ધ અને અયોધ્યા-વિનાશને પોતાના બલિદાન તથા વનવાસ દ્વારા બચાવે છે. વનવાસ દરમિયાન પણ તેમણે એ સમયના દરેક મહાન ઋષિના આશ્રમની મુલાકાત લીધી છે. એ શીખવાની વૃત્તિ નથી તો શું છે ? વનવાસ દરમ્યાન રામ કોઈ પ્રવાસી તરીકે હરવા ફરવા કે 14 વરસનો સમય જેમ તેમ પસાર કરવા ગયા નહોતા. રામની શીખવાની પ્રવૃત્તિ 'વનવાસ'ને 'જ્ઞાનવાસ'માં બદલી નાખે છે. એનાં બીજાં ઉદાહરણ પણ છે. લોકપરંપરા અનુસાર લંકાયુદ્ધ પછી રામ પોતાના શત્રુ રાવણના જ્ઞાનને સ્વીકારીને લક્ષ્મણને તેમની પાસે શીખવા મોકલે છે. આ વાતથી ફલિત થાય છે કે રામ શીખવાની પ્રક્રિયાને શ્વાસ લેવાની ક્રિયા જેટલી જ અગત્યની ગણે છે.

બીજું ઉદાહરણ છે. તે સમયના સર્વોત્તમ વિદ્વાન અને યોદ્ધા રાવણને પરાજય આપ્યા પછી અયોધ્યામાં સિંહાસન ઉપર આરૂઢ થતાં પહેલાં રામ પોતાના ગુરુ વશિષ્ટ પાસે નમ્રતા સાથે શીખ આપવા કહે છે અને વશિષ્ટે પોતાના શિષ્ય રામને જે શિખવાડ્યું તે વાલ્મીકિ કૃત યોગવાશિષ્ટ નામક જ્ઞાનગ્રંથમાં સામેલ છે. સહૃદયી જ્ઞાનપિપાસુઓએ સંસ્કૃતમાં જ્ઞાન માટે શ્રદ્ધા અને વિનમ્રતાનો બોધ લેવો જોઈએ અને તેમાંથી પસાર થવું જોઈએ.

રામને ભારતીય સંસ્કૃતિમાં ભગવાન તરીકે સ્થાપવાનું શ્રેય શીખવાને જ આપવું રહ્યું. રામ આજીવન શીખનાર હતા.

આ સંસ્કૃતિમાંથી અને રામના ચરિત્રમાંથી આપણને બોધપાઠ મળે છે કે ખરો શિક્ષક આજીવન શીખનાર હોય છે.

એક રીતે જોવા જઈએ તો 'teaching' અશક્ય છે, ફક્ત learning શક્ય છે. આપણે એક નિશ્ચિત પદ્ધતિ દ્વારા એક નિશ્ચિત વિષયને શીખીને વિદ્યાર્થી સુધી પહોંચાડીએ છીએ અને તેને 'ટીચીંગ' કહીએ છીએ. વિદ્યાર્થી પણ પોતાની બુદ્ધિ અને ક્ષમતા અનુસાર એને ઝીલે છે. ખરેખર શિક્ષણ એટલે 'ટીચિંગ' તથાકથિત અધ્યાપકો દ્વારા ઉપજાવાયેલ એક અહંકારયુક્ત કલ્પના છે. આજકાલ ઉજવાતા ઘણા બધા ડેની જેમ ટીચર્સ ડેના દિવસે કર્મકાંડ કરીએ છીએ. ટીચર્સ ડે એક પુરાકલ્પન (મિથ) છે કેમ કે 'ટીચર' જેવું કશું હોતું નથી અને 'ટીચર' શક્ય ન હોય ત્યારે ટીચિંગ અસંભવ છે.

આપણે જેને teaching કહીએ છીએ એ બે કાંઠાઓ વચ્ચે વહેતું જ્ઞાનનું જળ છે. એ શીખવાનો ઉત્સવ છે. 'શિક્ષક દિવસ' અર્થાત ટીચર્સ ડેને આપણે 'લર્નિંગ ડે' તરીકે ઉજવીએ. એ જ આપણી સંસ્કૃતિ અને ડૉ. રાધાકૃષ્ણન પ્રત્યે ઉત્તમ જ્ઞાનાંજલિ હશે. મિત્રો, 'શિક્ષક દિન'થી શીખવાનો નવો પ્રારંભ કરીને જ્ઞાન-સંસ્કૃતિના સાચા વારસદાર થઈએ. શીખવાની સનાતન પરંપરામાં આગળ વધીને 'શીખીએ અને શિખવાડીએ'. આ જ શિક્ષક દિનની આપણી સાચી જ્ઞાનાંજલિ હોઈ શકે. અસ્તુ

**અવધેશકુમાર સિંહ**

## શ્રદ્ધાંજલિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કાર્યરત શ્રી અલ્પેશ પટેલનું તા. 17-09-2008ના રોજ અકસ્માતમાં અવસાન થયેલ છે. યુનિવર્સિટીમાં માનનીય કુલપતિશ્રી અને યુનિવર્સિટીના સર્વે કર્મચારીઓ સદ્ગતના અવસાનથી દુ:ખની લાગણી અનુભવે છે. સદ્ગતના અવસાનથી તેમનાં કુટુંબીજનો ઉપર આવેલી આપત્તિને સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી ભગવાનને પ્રાર્થના.

સ્વ. અલ્પેશભાઈ પટેલના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી શ્રદ્ધાભરી અંજલિ...

## વિદ્યાર્થી સહાય સેવા વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા દરેક વિદ્યાર્થીને તથા કેન્દ્ર સંયોજકશ્રીઓને યુનિવર્સીટી અંગેની તમામ માહિતી કેન્દ્રસ્થ પદ્ધતિએ મળી રહે તે હેતુથી વિદ્યાર્થી સહાય સેવા (SSS) કેન્દ્ર 1 ડિસેમ્બર,2007 થી શરૂ કરવામાં આવેલ છે. "વિદ્યાર્થી સહાય સેવા" દ્વારા વિદ્યાર્થી, સંયોજકશ્રીને તથા વ્યક્તિને યુનિવર્સિટીની તમામ માહિતી કેન્દ્રસ્થ પદ્ધતિથી મળશે. જેથી વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટીના કેન્દ્રોના સંયોજક/ પ્રોગ્રામ ઇન્ચાર્જશ્રીઓને યુનિવર્સિટીના તમામ વિભાગમાં જવાની માહિતી મેળવવાની જરૂર નહી રહે અને તમામ વિભાગો SSS માંથી મળી રહેશે.

ફોન નં 079-27663748,
ફેક્સ : 079-27663750
ઈ-મેઈલ : sss.baou@yahoo.com

## યુનિવર્સિટીના અન્ય સંપર્ક નંબરો

079 - 65493336 પરીક્ષા વિભાગ
079 - 65493337 નાણા વિભાગ
079 - 27663750/51 વી.સી. ઓફિસ

## સેમીનાર

**National Seminar on National Knowledge Commission Recommendations and their impact on Bharat.**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લીક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા) ખાતે **'રાષ્ટ્રીય જ્ઞાન આયોગની ભલામણો તથા તેની ભારત પરની અસરો'** વિશે એક દિવસનો રાષ્ટ્રીય સેમીનાર યોજાઈ ગયો. જેનું એન.સી.ઈ.આર.ટી.ના પૂર્વ નિયામક ડૉ.જે.એસ. રાજપૂત તથા રાજ્યના શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરાએ દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યું હતું. સેમીનારના પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરતાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ આ સેમીનારનો હેતુ સમજાવ્યો. જ્ઞાન માટે ગુજરાત




*શ્રી રમણભાઈ વોરા (મા. શિક્ષણમંત્રીશ્રી)*
*શ્રી અશોક કોલાસ્કર, શ્રી પરિમલભાઈ ત્રિવેદી,*
*શ્રી દીનાનાથ બત્રા, શ્રી જે.એસ. રાજપૂત, શ્રી એ.કે.સિંહ*

યુનિવર્સિટીએ સમયની જરૂરીયાત મુજબ નવા અભ્યાસક્રમો અમલમાં મૂકી નવી પહેલ કરી છે, અને આગળ પણ આ પ્રયાસો જારી રાખશે તેની વિગતો આપી હતી.

સદર સેમીનારના ઈનોગ્રેશન સેશનમાં ચીફગેસ્ટ ડૉ. જે.એસ. રાજપૂત પૂર્વ ડાયરેક્ટર એન.સી.ઈ.આર.ટી. અને

ગેસ્ટ ઓફ ઓનર શ્રી રમણભાઈ વોરા માનનીય શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે તેજોમય ભારત અને સંસ્કાર સુધા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

એન.સી.ઈ.આર.ટી.ના પૂર્વ નિયામક ડો. જે.એસ.રાજપૂતે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે સર્વ બાળકોને શરૂઆતમાં પાંચવર્ષનું શિક્ષણ માતૃભાષામાં જ આપવાનો આગ્રહ રાખવો જોઈએ. જેનાથી બાળકોની ભાષા પર પક્કડ મજબૂત બને અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનો પાયો મજબૂત કરવો હશે તો પ્રાથમિક શિક્ષણથી જ વધારેમાં વધારે ભાર આપવો પડશે. આપણો દેશ વૈવિધ્યપૂર્ણ છે તેમાં અનેક ભાષા અને સાહિત્ય લોક જીવનની સંસ્કૃતિનો સમાવેશ થાય છે. આપણા દેશમાં અગાઉ શિક્ષણ ક્ષેત્રે સુધારો કરવા માટે અનેક વ્યક્તિઓ




*શ્રી રમણભાઈ વોરા (મા. શિક્ષણમંત્રીશ્રી) શ્રી પરિમલભાઈ ત્રિવેદી, શ્રી જે.એસ. રાજપૂત, શ્રી દીનાનાથ બત્રા, શ્રી અશોક કોલાસ્કર, શ્રી એ.કે.સિંહ*

અને સંસ્થાઓ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા છે. પરંતુ હવે દેશમાં નવી શિક્ષણ પ્રણાલિની જરૂર છે જેમાં ગાંધીજીના વિચારોને ધ્યાનમાં રાખીને શિક્ષણનો પ્રચાર થવો જોઈએ.

અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે નવયુવાનોને રોજગારી આપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને આવેલ છે 2002 થી 2007 સુધીમાં 59% યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી હતી. અને આવનાર દિવસોમાં વાયબ્રન્ટ ગુજરાત પછી જે મૂડી રોકાણ થનાર છે તેનાથી ઉદ્યોગ આધારિત રોજગારીની વિપુલ તકો ઊભી થશે આ સેમીનાર સંસ્કૃતિ અને શિક્ષણને જોડતી એક પ્રયોગશાળા સમાન છે. રાજ્યમાં ગુજરાત નોલેજ સોસાયટીની સ્થાપના કરવામાં આવી છે તેમાં ઉદ્યોગો અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ઉદ્યોગ આધારિત શિક્ષણ આપવામાં વ્યવસાયિક તાલીમ કોર્સો શરૂ કરવામાં આવ્યા છે અને ગુજરાતના યુવાનોને ઘરઆંગણે રોજગારી મળે તે દિશામાં આગળ વધી રહ્યાં છીએ. ગુજરાતની વિકાસની તેજ રફતાર અને વિશ્વની આંખોમાં આંખ પરોવી વાત કરવાની શક્તિને જોતાં તેમણે જણાવ્યું હતું કે આગામી પેઢીને સશક્ત કરવા માટે જ્ઞાન અને શિક્ષણ સૌથી મહત્ત્વની બાબત છે. અને તેના માધ્યમ દ્વારા જ સાચા વેલ્થ ક્રિયેટરનું નિર્માણ કરી શકાશે. આ ભગીરથ કાર્યમાં સામાજીક જાગૃતિ એ સૌથી મોટું સૌથી મહત્ત્વનું પરિબળ છે. ઉદ્યોગોને જોઈતા કુશળ કારીગરો પણ આ સોસાયટી દ્વારા જ ઉપલબ્ધ થઈ શકશે.

નેશનલ નોલેજ કમિશનના એડ્‌વાઈઝર ડૉ. અશોક કોલાસ્કરે જણાવ્યું હતું કે, સામાન્ય શિક્ષણની દેખરેખ રાખવા માટે શિક્ષણ વિભાગ, મેડિકલના શિક્ષણ માટે આરોગ્ય વિભાગ, કૃષિ શિક્ષણ માટે કૃષિ વિભાગ, ટેકનોલેજી અને સાયન્સના શિક્ષણ માટે સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ તથા માનવ સંસાધન મંત્રાલય શિક્ષણ પર દેખરેખ રાખે છે આમ દેશમાં ચાલતા વિવિધ પ્રકારના શિક્ષણનો અલગ અલગ પાંચ વિભાગ દેખરેખ રાખે છે તેના બદલે એક જ વિભાગ હોવો જોઈએ. અને મુક્ત ચર્ચા અને સારાં સૂચનોને આવકાર્ય છે અને તેનો સ્વીકાર પણ કર્યો છે. કમિશને ભલામણો કરી છે તેનો અમલ કર્યો નથી એટલે ચર્ચાને તથા સુધારા વધારાને અવકાશ છે. અમે યુનિવર્સિટીની સંખ્યા વધારવાની ભલામણ કરી છે હાલ દેશમાં 375 જેટલી યુનિવર્સિટીઓ છે

યુજીસીના ભૂતપૂર્વ સેક્રેટરી પ્રો. વેદપ્રકાશે જણાવ્યું હતું કે સરકારે 1964માં શિક્ષણ સુધારણા માટે કોઠારી કમિશનની રચના કરી હતી અને તેનો અહેવાલ 1966માં આવ્યો હતો જેમાં 22 ભલામણો કરવામાં આવી હતી. જ્યારે નોલેજ કમિશને 28 ભલામણો કરી છે તેમાંથી 22 ભલામણો લગભગ સરખી છે. જ્યારે 6 ભલામણો નવી છે જેમાં કોમ્પ્યુટર અને અંગ્રેજી ભાષાના ઉપયોગ વિશે ભલામણનો સમાવેશ થાય છે કેટલીક ભલામણો અવ્યવહારુ છે જેને માની શકાય નહીં. અમે અંગ્રેજીના વિરોધી નથી પણ અંગ્રેજી ભાષા હોય તો જ વિકાસ થઈ શકે તેવું નથી. ભારતે અત્યાર સુધી વિકાસ કર્યો જ છે તેમાં સ્થાનિક ભાષાનો પણ સહયોગ છે.

શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ નવી દિલ્હીના સેક્રેટરી દિનાનાથ બત્રાએ આ પ્રસંગે જણાવ્યું કે માત્ર જ્ઞાનને પ્રાધાન્ય આપવાથી પ્રગતિ થઈ શકશે નહીં પરંતુ દેશની સંસ્કૃતિ અને અસ્મિતા પણ જાળવવી પડશે. આથી શિક્ષણનો પાયો દેશની સંસ્કૃતિ પર જ રચાયો હોવો જોઈએ.

ચેર પર્સન તરીકે હાજર રહેલ ડૉ. માયાબેન કોડનાની માનનીય મિનિસ્ટર ઓફ સ્ટેટ ફોર હાયર એજ્યુકેશન, વુમેન એન્ડ ચાઈલ્ડ, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત હાજર રહ્યાં હતાં. તેમણે પોતાના વક્તવ્યમાં વિષયને સંલગ્ન સરકારના વિવિધ પ્રયાસો પર માહિતી આપેલ અને નેશનલ નોલેજ કમિશનની ભલામણો અને તેની ભારત પરની અસરો પર કેવાં પગલાંઓની આવશ્યક્તા છે અને તે માટે સરકાર તરફથી કેવાં કેવાં પગલાં લેવામાં આવનાર છે- વિચારણા હેઠળ છે તેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ સેમીનારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. એ.કે. સિંહ સાહેબે

આભાર વિધિ કરી હતી અને તેમના વક્તવ્યમાં લેંગ્વેજ, લાયબ્રેરી અનુવાદ અને સોશીયલ આવૃત્તિ સંબંધિત રાષ્ટ્રીય જ્ઞાનઆયોગની ભલામણો પર બોલતા "રાષ્ટ્રીય જ્ઞાન આયોગ" સાહિત્ય, અધ્યયન અને અધ્યાપનની બાબતમાં બીલકુલ ચુપ છે - સમાજવિદ્યાના વિષયો વિજ્ઞાન સાથે જોડી દેવામાં આવેલ છે. તેમનું કહેવું હતું કે, માનવીય સમાજવિદ્યા અને વિજ્ઞાનનું આંતર વિદ્યાકીય અધ્યયન જરૂરી છે.

તદ્ઉપરાંત તેમણે જણાવ્યું કે, ભારતનું જ્ઞાન સંસ્કૃત ઉપર આધારીત છે. પણ જ્ઞાન આયોગના અત્યાર સુધીના ઉપલબ્ધ રીપોર્ટમાં સંસ્કૃત શબ્દનો એક વખત પણ પ્રયોગ કરેલ નથી.

લાયબ્રેરી માટેની ભલામણો આવકારી છે. પણ ICT દ્વારા લાયબ્રેરી અંગ્રેજી સાથે ભારતીય ભાષાઓમાં પણ જ્ઞાનની ઉપલબ્ધતા હોવી જોઈએ તેમ જણાવી હાજર રહેલ તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

## NAAC GSQAC Advisory Meeting

ગુજરાત રાજ્ય ક્વોલીટી એસ્યોરન્સ સેલ (GSQAC)ની એડવાઈઝરી કમિટીની મીટીંગનું આયોજન તા. 12, મે, 2008ના રોજ કરવામાં આવેલ હતું. આ બેઠકમાં અધ્યક્ષ સ્થાને માનનીય શિક્ષણ મંત્રી શ્રી રમણભાઈ વોરા, માનનીય મંત્રી શ્રી માયાબેન કોડનાની, શ્રીમતી, જયંતી એસ રવિ, કમિશ્નર ઉચ્ચ શિક્ષણ, શ્રી હસમુખ અઢિયા, મુખ્ય સચિવ શિક્ષણ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહ તથા રાજ્યની વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ જેમ કે ડૉ. કમલેશ જોપીપૂરા, કુલપતિશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ડૉ. એચ. સી. ત્રિવેદી, કુલપતિશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ડૉ. કે. કે. શાહ, કુલપતિશ્રી, હેમચંદ્રાચાર્યા નોર્થ ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બી. જી. પટેલ, કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, ડૉ. રમેશચંદ્ર કોઠારી,



*શ્રી રમણભાઈ વોરા (મા. શિક્ષણમંત્રીશ્રી), માનનીય મંત્રીશ્રી માયાબેન કોડનાની., શ્રીમતી જયંતી એસ રવિ, પ્રોફેસર અવધેશકુમાર સિંહ*

કુલપતિશ્રી વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, શ્રી કે. એ. પોટા, રજીસ્ટ્રાર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ., ડૉ. એમ. એન. પટેલ, પ્રિન્સિપાલ એલ.ડી. એન્જીન્યરીંગ કોલેજ વગેરે હાજર હતા.

નેક, બેંગ્લોર તરફથી પ્રતિનિધિત્વ ડૉ. બી.એસ. મધુકર, ડેપ્યુટી એડવાઈઝર દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગત વર્ષના GSQACની કાર્યવાહીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને એક્રેડિટેશન અંગેની વિગતો ચર્ચવામાં આવી હતી.

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ, કમ્પ્યુટર અંગેનું જ્ઞાન, સંશોધન, રમત-ગમત અને વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓ અને NAACના એક્રેડિટેશનને વધારે ગંભીરતાથી લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ડૉ. અવધેશકુમાર સિંહે NAAC એક્રેડિટેશનના LOI ના સંદર્ભમાં યોજાનાર ચાર અવેરનેસ વર્કશોપ વિશે સભ્યોને જણાવ્યું હતું. જે તારીખ 6 થી 9, 2008ના વિવિધ યુનિવર્સિટીમાં યોજાનાર હતા. જેમાં રાજ્યની બધી જ યુનિવર્સિટીઓની સંસ્થાઓ કે જેઓએ NAACના એક્રેડિટેશન માટે નામાંકન નથી કર્યું તેમને આવરી લેવામાં આવી હતી.

હાલની એક્રેડિટેશનની પ્રોસેસથી અવગત કરતાં ડૉ. સિંહે જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણ ગુજરાત રાજ્ય અને GSQACનાં સંયુક્ત પ્રયાસોથી રાજ્યની 171થી વધારે સંસ્થાઓએ મેળવેલ છે, અન્ય 71 સંસ્થાઓએ તેમનો SSR રિપોર્ટ NAACમાં સુપ્રત કર્યો છે અને 221 સંસ્થાઓએ પોતાના LOI NAAC બેંગ્લોર ખાતે મોકલી આપ્યો છે. કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ, શ્રીમતી જયંતી રવિએ જણાવ્યું કે ઉચ્ચ શિક્ષણ કચેરીએ જાહેર કર્યું છે કે 30 જૂન, 2008 પહેલા બધી જ સંસ્થાઓએ એક્રેડિટેશન માટે NAAC ખાતે નામાંકન કરવાનું રહેશે અને 31 ડિસેમ્બર, 2008 સુધીમાં રાજ્યની ઉચ્ચશિક્ષણની બધી જ સંસ્થાઓએ NAAC એક્રેડિટેશન મેળવી લેવાનું રહેશે.

માનનીય મંત્રીશ્રી માયાબેન કોડનાનીએ વિવિધ યુનિવર્સિટીમાં 'યુવા જ્ઞાન મહોત્સવ'ની જરૂરિયાત વિશે જણાવ્યું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા રાજ્યનાં 2010 સુધીમાં 'સ્વર્ણીમ ગુજરાત'ના સ્વપ્નમાં ભાગીદાર બનવા સૌને પ્રોત્સાહન પૂરું પાડ્યું.

## GSQAC Work Shop

ગુજરાત સ્ટેટ ક્વોલીટી એસ્યોરન્સ સેલ (GSQAC) દ્વારા (તારીખ 11 જૂન, 2008ના રોજ)

A Road Map Towards Quality in Higher Education : The Monash Experience and the Gujarat Initline વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપમાં શ્રીમતી જયંતી રવિ, આઈ.એ.એસ. કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, તથા મુખ્ય વક્તા તરીકે ડૉ. સીદ નાયર, ક્વોલીટી એડવાઈઝર મોનાશ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા અને રાજ્યની વિવિધ યુનિવર્સિટીના QACના કો-ઓર્ડિનેટર અને વિવિધ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓએ રેટિંગ ઈન્ફોર્મેશન અને ક્રિસીલ



*વર્કશોપમાં હાજર રહેલ શિક્ષણવિદો*

પ્રાઈવેટ લિમીટેડના પ્રતિનિધિએ ભાગ લીધો હતો.

ડૉ. અવધેશકુમાર સિંઘ, કુલપતિશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ હાજર રહેલ પાર્ટીસિપેન્ટસને GSQAC દ્વારા ગુજરાત રાજ્યમાં હાથ ધરવામાં આવેલ ગતિવિધિઓથી માહિતગાર કર્યા હતા. ત્યારબાદ ક્રિસિલ રેટીંગ પ્રાઈવેટ લિમીટેડમાંથી આવેલા પ્રતિનિધિએ તેમના ઓર્ગેનાઈઝેશન દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રકારના રેટિંગ અને એક્રેડિટેશન વિશે માહિતી આપી હતી. ડૉ. સિદ નાયર, ક્વોલીટી એડવાઈઝર મોનાશ યુનિ. એ પોતાના મલ્ટીમિડિયા પ્રેઝન્ટેશનમાં ઓસ્ટ્રેલિયા યુનિવર્સિટીના એક્રેડિટેશનમાં માળખા વિશે તથા મોનાશ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના શિક્ષણ અને વહીવટની ગુણવત્તા માટે હાથ ધરવામાં આવેલી પદ્ધતિઓનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. આ વર્કશોપના અન્ય સત્રોમાં ગુજરાત રાજ્યની વિવિધ યુનિ.ના IQAC સેલના કો-ઓર્ડિનેટર્સ દ્વારા પ્રેશન્ટેશન કરવામાં આવ્યા હતા. આ સત્રમાં સૌરાષ્ટ્ર યુનિ., સરદાર પટેલ યુનિ. અને ગુજરાત યુનિ., દ્વારા પોતાની યુનિ.માં IQAC દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે પરિચય આપ્યો હતો. આમ આ વર્કશોપ દ્વારા ઓસ્ટ્રેલિયાની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને ખાસ કરીને મોનાશ યુનિવર્સિટી અને ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ બેસ્ટ પ્રેક્ટીસીસ વિશે વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું.

## વિશ્વ વ્યસન-મુક્તિ દિનની ઉજવણી :

MSWમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સામાજિક કાર્યક્રમમાં ભાગ લેવો આવશ્યક છે. તા. 26-6-'08ના રોજ વિશ્વ વ્યસન મુક્તિ દિનની ઉજવણી થાય છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી MSW વિભાગના વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં હાજર રહી ઉત્સાહ ભેર ભાગ લીધો. આ કાર્યક્રમ મરીયમ બીબીની મસ્જિદ ચાર રસ્તા રાજપુર ગોમતીપુર, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વ્યાખ્યાતા પ્રોફેશનલ વોકેશનલ કોર્સના ઇન્ચાર્જશ્રી ડૉ. ધવલ પંડ્યા તથા MSW અને MSO અભ્યાસક્રમના વ્યાખ્યાતા સીમાબહેન પારગી હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમ ગુજરાત કેળવણી ટ્રસ્ટ સંચાલિત ''નયાજીવન'' વ્યસન મુક્તિ સારવાર કેન્દ્ર દ્વારા યોજવામાં આવેલ. જેમાં નારકોટીક બ્યુરોના અધિકારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને વધુ અસરકારક બનાવેલ.

## "વિમેન્સ ડેવલપમેન્ટ કમિટી"

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં "વિમેન્સ ડેવલપમેન્ટ કમિટી"ની બીજી બેઠક તા. 3-5-'08ના રોજ 11:00 કલાકે નિયામકશ્રીના ચેમ્બરમાં યોજવામાં આવેલ હતી, જેમાં સભ્યશ્રી મંદાબહેન પરીખ, શ્રીમતી શ્રદ્ધાબહેન રાય (બોર્ડ મેમ્બર), શ્રીમતી આર. પી. દરજી, (AFO), ડૉ. કુસુમબહેન શર્મા (વ્યાખ્યાતા) શ્રીમતી જયાબહેન સાકરીયા (જૂ. ક્લાર્ક) સભ્યોએ હાજરી આપી હતી, અને કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરેલ. જેમાં સ્ત્રીઓની સમસ્યાઓને લગતા સંશોધન કાર્યની શરૂઆત તેમજ મહિલાઓ માટે કામગીરી કેન્દ્ર ચલાવવાના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચાવામાં આવેલ.

કમિટીની આ બેઠક યુનિવર્સિટી દ્વારા પ્રસ્થાપિત કેન્દ્રો પર સેવા આપતી મહિલાઓમાં જે સૌથી સારું અને શ્રેષ્ઠ કામ કરતી હોય તેનો સંપૂર્ણ અહેવાલ યુનિવર્સિટી ખાતે મોકલવા તમામ કેન્દ્રોના સયોજક શ્રીને નામે પત્ર પાઠવવામાં આવેલ છે. તેના આધારે કમિટી વર્ષના અંતે સારુ અને શ્રેષ્ઠ કાર્ય કરનાર ત્રણ મહિલાઓને પુરસ્કૃત કરશે તેવો નિર્ણય લીધેલ છે.

## કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવ ૨૦૦૮ અહેવાલ

ગુજરાત રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે અને બાળકોનું શાળામાં 100% નામાંકન કરવાના હેતુથી શિક્ષણ વિભાગે તા. 20-06-2008થી તા. 23-6-2008 દરમિયાન અમદાવાદ જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીઓમાં કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ આ ભગીરથ કાર્યમાં પોતાનું યોગદાન વિવિધ શાળાઓમાં યુનિવર્સિટીએ ભાગ લઈને પૂરું પાડ્યું હતું. અધ્યાપકો દ્વારા કાર્યક્રમ અંગે તૈયાર કરવામાં આવેલ વ્યક્તિગત અહેવાલ યુનિવર્સિટીએ મેળવેલ છે. આ ઉપરાંત યુનિવર્સિટીના રાજ્યભરમાં ફેલાયેલ 440 થી વધુ અભ્યાસકેન્દ્રોને કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવ અન્વયે પ્રચાર પ્રસાર કરવા સૂચના આપવામાં આવેલ હતી. યુનિવર્સિટી દ્વારા કન્યા કેળવણી રથયાત્રાના પ્રચાર-પ્રસારના ભાગરૂપે પત્રિકાઓ તૈયાર કરી અમદાવાદની આશરે 20 જેટલી શાળાઓમાં વહેંચણી કરવામાં આવેલ.

અમદાવાદના આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ સાથે વ્યાખ્યાતાઓને પણ કામગીરી સોંપવામાં આવેલ હતી. જેમાં ડૉ. ધવલ પંડ્યા, વ્યાખ્યાતા : મેનેજમેન્ટ, શ્રી મિહીર મોરી, વ્યાખ્યાતા : અંગ્રેજી, સુશ્રી સુરભી ભપલ,

વ્યાખ્યાતા : અંગ્રેજી, ડૉ. ધર્મેન્દ્ર બકરાણીયા, વ્યાખ્યાતા : શિક્ષણ, શ્રીમતી મીનાબેન રાજપૂત, વ્યાખ્યાતા : શિક્ષણ, સુશ્રી મીનાક્ષી ચૌહાણ, વ્યાખ્યાતા : શિક્ષણ અને ડૉ. કુસુમ શર્મા વ્યાખ્યાતા : હિન્દીએ કામગીરી બજાવી હતી.

યુનિવર્સિટીના અધિકારીઓ દ્વારા આ કાર્યક્રમમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે રુચિ કેળવાય તે દિશામાં વિવિધ શાળાઓમાં માહિતી તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે ઉસ્માનપુરા વિસ્તારની શાળા નં. 2માં તા. 21-6-2008ના રોજ યોજાયેલ કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. પોતાનાં ટૂંકા ઉદ્‌બોધનમાં તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણના મહત્ત્વ વિશે દૃષ્ટાંતો દ્વારા સંબોધ્યા હતા. વિદ્યાર્થીઓને તેને સુલભ વાર્તાના ઉદાહરણથી શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું હતું અને શાળામાં પ્રવેશની સાથે સાથે ભવિષ્યમાં યુનિવર્સિટીમાં પ્રવેશ લેશે તેવી આશા વ્યક્ત કરી હતી. શિક્ષકોને સંબોધતા માન. કુલપતિશ્રીએ ઓપન યુનિવર્સિટી બી.પી.પી. અભ્યાસક્રમનું મહત્ત્વ સમજાવ્યું હતું. જેનો બહોળો લાભ શિક્ષણથી વંચિત રહેલા અથવા તો અધવચ્ચેથી અભ્યાસ છોડી ચૂકેલા લોકો મેળવી સમાજમાં શિક્ષણના વ્યાપને વધારી શકે છે. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને જીવનના યોગ્ય ઘડતર માટે સાચી દિશા પસંદ કરવા સૂચવ્યું હતું. વિદ્યાર્થીઓ તેમના સહપાઠીઓને મદદ કરી એકબીજાને મદદ કરવાની ભાવના કેળવવા અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત હાજર રહેલા મહાનુભાવોમાં સાબરમતી વિસ્તારના માનનીય ધારાસભ્ય શ્રીમતી ગીતાબહેન પટેલે વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય અને સ્વચ્છતા વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને વિદ્યાર્થીઓના વાલીઓની આ પ્રકારના કાર્યક્રમમાં ઉપસ્થિતિ જરૂરી છે તેવું જણાવ્યું હતું. અન્ય શાળાઓની જેમ આ શાળામાં પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ધારાસભ્યશ્રી, કુલપતિશ્રી તથા અન્ય મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ કીટ અને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ ગુજરાત માટેના સંકલ્પ પત્રના પઠન દ્વારા સૌ ઉપસ્થિત દ્વારા સંકલ્પ લેવામાં આવ્યો હતો.

**વિશેષ નોંધ :**

- કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવ અદ્‌ભુત છે. અને વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં શિક્ષણ પ્રત્યે નવો ઉત્સાહ જાગૃત કરે છે. રાજ્યમાં શિક્ષણ વધારા માટે આ પ્રકારના કાર્યક્રમો અત્યંત ઉપયોગી પુરવાર થયા છે. જેની પ્રતીતિ આ વખતના કાર્યક્રમમાં થઈ હતી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શાળા પ્રવેશ મહોત્સવમાં વધારે પ્રભાવી ભૂમિકા ભજવી શકે તે માટે જરૂરી છે કે વિભાગ અથવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સ્તરે ગ્રામ અથવા શાળાઓની ફાળવણી સમયસર થાય. તો તે વધુ અસરકારક બની શકશે. આ વર્ષે લેખિત દરખાસ્ત કર્યા છતા યુનિવર્સિટીને કોઈ શાળાઓની ફાળવણી થઈ ન હતી. એટલા માટે બીજા તબક્કામાં યુનિવર્સિટી સ્વયં આ કાર્યક્રમની ગોઠવણી કરી હતી. સમયસર ફાળવણીથી યુનિવર્સિટી આ કાર્યક્રમમાં વધારે સક્રિય યોગદાન કરવા સક્ષમ સિદ્ધ થશે.

## B.Ed. કાર્યશિબિર અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પ્રેરિત બી.એડ્. અભ્યાસક્રમની પ્રથમ વર્ષની ઉનાળુ કાર્યશિબિરનું આયોજન શ્રીમતી એમ.એન. કે. દલાલ એજ્યુકેશન કોલેજમાં કો-ઓર્ડિનેટર પ્રિ. ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય અને કન્વિનર શ્રી પ્રા. કેવલભાઈ અંધારિયાના નેજા હેઠળ તા. 15-5-'08થી તા. 26-5-'08 દરમિયાન સંપન્ન થયું હતું. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી ચતુરભાઈ પટેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ડૉ. ધર્મેન્દ્રભાઈ બકરાણિયા, અત્રેની કોલેજના ડૉ. રમીલાબહેન સાલવી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે કાર્યક્રમ માટે આશીર્વચનો આપ્યાં હતાં. તથા શુભેચ્છાઓ પાઠવી હતી.



*દીપ પ્રાગટ્ય કરતાં (વ્યાખ્યાતા) ડૉ. ધર્મેન્દ્રભાઈ બકરાણીયા ડૉ.બા.આં.ઓ.યુ.*

બાર દિવસની કાર્યશિબિરમાં તાલીમાર્થીઓને બી.એડ્. અભ્યાસક્રમના હેતુઓ, કાર્યશિબિરના હેતુઓથી શરૂ કરી તેમના અભ્યાસક્રમ અનુસાર માઈક્રોટીચિંગ અંતર્ગત-વિષયાભિમુખ કૌશલ્ય, ઉદાહરણ કૌશલ્ય, પ્રશ્નપ્રવાહિતા કૌશલ્ય, ચાક ફલક કૌશલ્ય, તેમની સમજ, આયોજન, નિદર્શન સ્વરૂપે શીખવવામાં આવ્યું હતું. જ્યારે કેટલાક કૌશલ્યો માટે દરેક તાલીમાર્થીઓ પાસે માઈક્રોટીચિંગ પાઠ અપાવવાનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત શિક્ષણનાં સામાન્ય અને વિશિષ્ટ હેતુથી શરૂ કરી મૂલ્યાંકન, સ્વાધ્યાય સુધીના પાઠ આયોજનના તબક્કાઓને ઉંડાણથી સમજાવવામાં આવ્યા હતા તેમજ દરેક પદ્ધતિમાં એક-એક નિદર્શન

આપવામાં આવ્યા હતાં. આ સાથે જ તાલીમાર્થીઓ એક અસરકારક શિક્ષક બની શકે તે માટે જરૂરી જ્ઞાન જેમ કે, ક્રિયાત્મક સંશોધન, શૈક્ષણિક સાધનની રચના, અધ્યેતાકેન્દ્રી, શિક્ષક કેન્દ્રી વિવિધ અધ્યાપન પદ્ધતિ, શાળા સંબંધિત મનોવૈજ્ઞાનિક કસોટીઓનું સંચાલન, વર્ગ વ્યવસ્થાપન, દૃશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ, વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન અને સલાહ, નિદાનાત્મક તથા ઉપચારાત્મક કાર્ય, સામાજિકતામિતિ, બ્લ્યૂ પ્રિન્ટ, સમૂહ માધ્યમો, વગેરે અંગે ઊંડાણપૂર્વકની ચર્ચા દ્વારા સમજ આપ્યા બાદ પ્રાયોગિક ધોરણે તેનો મહાવરો પણ કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત તાલીમાર્થીઓ એ જમા કરાવેલ ફરજિયાત પ્રશ્નપત્રના પ્રાયોગિક સ્વાધ્યાયોની પણ વિસ્તૃત ચર્ચા યોજવામાં આવી હતી. આ હેતુસર ગુજરાતની બી.એડ્. કોલેજમાંથી તથા ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર ભવનમાંથી તજ્જ્ઞશ્રીઓએ પોતાની સેવા આપી હતી.

સમગ્ર કાર્યશિબિરના વિદાય સમારંભ પ્રસંગે ગુજરાત સ્ત્રી કેળવણી મંડળના નિયામકશ્રી ચતુરભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું. તાલીમાર્થીઓ અને કો-ઓર્ડિનેટર પ્રિ. ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય, પ્રા. શ્રીમતી સવિતાબહેન ડામોર, પ્રા. શ્રીમતી ઉષાબહેન શારડા અને કન્વિનર પ્રા. કેવલભાઈ અંધારિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

## વોકેશનલ એન્ડ પ્રોફેશનલ કોર્સીસ વિભાગ

વોકેશનલ અને પ્રોફેશનલ કોર્સીસ પ્રવેશ કાર્યવાહી ચાલુ છે જે 15-7-2008 સુધી ચાલુ રહેલ.

અભ્યાસકેન્દ્ર શરૂ કરવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ. યુનિવર્સિટી કાર્યાલય ખાતે કુલ 63 અરજીઓ પ્રાપ્ત થયેલ જેની LICનું અંતિમ ચરણ હાલમાં ચાલે છે.

## ELL વિભાગ

## રાજ્ય સરકારના ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરી પ્રોજેક્ટ

ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવી શકે તે ઉદ્દેશથી તથા રાજ્ય સરકાર દ્વારા ડૉ. બા.આં.ઓ.યુ. ને રૂ. 3,17,000,00/- અનુદાન આપવામાં આવતા સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ થયેલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબ પ્રોજેક્ટ હેઠળ ગત વર્ષમાં 59 કોલેજમાં ઈંગ્લિશ લેંગ્વેજ લેબ શરૂ કરવામાં આવી. આ પ્રોજેક્ટમાં ડૉ. બા.આં. ઓ.યુ. કેન્દ્રવર્તી સંસ્થા છે. આ શૈક્ષણિક સત્રમાં રાજ્યની પસંદગી પામેલ 140 કોલેજો કે જેમાં 35 આદિવાસી વિસ્તારની કોલેજનો સમાવેશ કરવામાં આવેલ છે. આ લેંગ્વેજ લેબ શરૂ કરવામાં આવનાર છે. જે અન્વયે યુનિવર્સિટી સ્થિત ઈંગ્લિશ લેંગ્વેજ લેબ વિભાગ દ્વારા જરૂરી ઈ-ટેંડરીંગની પ્રક્રિયા 27-06-08ના રોજ કરવામાં આવેલ જેથી ટૂંક સમયમાં જ નવી 140 લેંગ્વેજ લેબ કાર્યરત થશે.

ગત શૈક્ષણિક સત્રમાં ડૉ. બા.આં.ઓ.યુ. એ બ્રિટિશ કાઉન્સિલ મુંબઈ સાથે MOU કર્યા ઉપરાંત તેમના સહયોગથી ત્રણ મટીરીયલ પ્રોડક્શન વર્કશોપનું આયોજન થયેલ. જેમાં યુ.કે.થી ડૉ. રે મેકે રીસોર્સ પર્સન રહેલ. પસંદગી પામેલ અધ્યાપક / લેંગ્વેજ લેબ કો-ઓર્ડિનેટર શ્રીઓ દ્વારા ડૉ. રે. મેકેના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ સર્ટીફીકેટ કોર્સ (લેવલ-2) અભ્યાસક્રમ કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેનો દ્વારા ટૂંક સમયમાં પ્રકાશિત થનાર છે.

આ પ્રોજેક્ટ સંબંધિ વધુ માહિતી માટે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, કુ. સુરભિ એ. ભપ્પલ (વ્યાખ્યાતા અંગ્રેજી) ડૉ. બા.આં.ઓ.યુ.નો સંપર્ક કરવો.

## ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરી પ્રોજેક્ટના કેન્દ્રોની યાદી

| Sr. No. | Name of College | District |
|---|---|---|
| 1 | Academic Staff College, Gujarat University Navrangpura, Ahmedabad | Gujarat University |
| 2 | Veer Narmad South Gujarat University, Dept. of English, Surat Guj Uni South | Veer Narmad |
| 3 | Shamaldas Arts College, Waghavadi Road, Bhavnagar | Bhavnagar |
| 4 | Valia Arts & Commerce College Vidyanagar, Bhavnagar | Bhavnagar |
| 5 | Sir K.P. College of Commerce Athwalines, Surat | Surat |
| 6 | Patel Raman Brothers Arts & Patel Gopalbhai Ranchhodji Commerce College, Bardoli - Surat | Surat |
| 7 | B.J.V.M. Mahavidyalaya, Vidyanagar, Anand | Anand |
| 8 | C.B. Patel Arts & Commerce College, Nadiad | Kheda |
| 9 | S.M. Patel College of Home science Vidyanagar | Anand |
| 10 | C.P. Patel & F.H. Shah Commerce College Vidyanagar | Anand |
| 11 | Pramukh Swami Science & H.D. Patel Arts College, Kadi | Mehsana |

| | | |
|---|---|---|
| 12 | St. Xaviers College, Ahmedabad | Ahmedabad |
| 13 | M.P. Arts & M.H. Commerce College for Women, Raipur Gate, Ahmedabad | Ahmedabad |
| 14 | G.D. Modi College of Arts, Palanpur | Banaskantha |
| 15 | Gurukul Mahila Arts & Commerce College, Jubilee, Bokhira | Porbander |
| 16 | Municipal Arts & Commerce College Near Kala Nala, Upleta Rajkot | Rajkot |
| 17 | Shri G.K. & C.K.Bosamia Arts & Commerce College, Jetpur, Rajkot | Rajkot |
| 18 | Sakhida Arts Commerce & Home science College, Limbdi | Rajkot |
| 19 | Yogiji Maharaj Mahavidyalaya Mahila Arts & Commerce College, Dhari | Amreli |
| 20 | Smt. H.B. Jasani Arts & Shri N.K. Jasani Commerce College, Rajkot | Rajkot |
| 21 | Smt. Sadguna C.U. Shah Home science & C.U.Shah Arts & Commerce mahila College Wadhwan city, Surendranagar | Surendranagar |
| 22 | Smt. J.J.Kundalia Arts & Commerce College Near Shastri Maidan, Rajkot | Rajkot |
| 23 | Smt. V.D. Ghelani Mahila Arts College Savarkundla, Amreli | Amreli |
| 24 | V.D. Kanakia Arts and M.R. Sanghvi Commerce College, Savarkundla, Ameli | Amreli |
| 25 | Savjani Arts & Commerce CollegeJamjodhpur, Jamnagar | Jamnagar |
| 26 | Smt. R.P. Bhalodia Mahila Arts Commerce and Home Science , Upleta | Rajkot |
| 27 | Shri & Smt. P.K. Kotawala Arts College Patan | Patan |
| 28 | Samarpan Arts & Commerce College, Sec-8, Gandhinagar. | Gandhinagar |
| 29 | Chaudhari Mahila Arts & Home science College, Mehsana | Mehsana |
| 30 | N.S. Bank Arts & D.B. Vyas Commerce College, Chanasma, Patan | Patan |
| 31 | H.S. Shah College of Commerce Modasa | Sabarkantha |
| 32 | Sheth M.N. Science College Patan | Patan |
| 33 | M.G. Science Institute Ahmedabad | Ahmedabad |
| 34 | H.L. Commerce College, Ahmedabad | Ahmedabad |
| 35 | V.P. & R.P.T. Patel science College Vidyanagar | Anand |
| 36 | D.M. Patel Arts & S.S. Patel Commerce College, ODE, Anand | Anand |
| 37 | S.R. Mehta Arts College, Ahmedabad | Ahmedabad |
| 38 | C.C. Sheth College of Commerce, Navgujarat campus, Ahmedabad | Ahmedabad |
| 39 | R.K. Parikh Arts & Science College Petlad | Anand |
| 40 | Shree Swaminarayan Arts College Gitamandir Road, Ahmedabad | Ahmedabad |
| 41 | Shri U.P. Arts, Smt. M.G. Panchal Science & Shri V.C. Shah Commerce College, Pillvai, Taluka : Vijapur | Mehsana |
| 42 | Shri B.K. Patel Arts & Smt L.M. Patel Commerce College, Savli | Vadodara |
| 43 | Shri P.H.G.Municipal Arts & Science College Kalol Ambikanagar Highway, Gandhinagar | Gandhinagar |
| 44 | Desai Chandulal Manilal Arts & Commerce College, Viramgam, Mandal Road, | Ahmedabad |
| 45 | R.J. Tibrewal Commerce College, Ahmedabad | Ahmedabad |
| 46 | Smt. A.P. Patel Arts & Late Shree N.P.Patel comerce College, Naroda, Ahmedabad | Ahmedabad |
| 47 | S.L.U. Arts and H & P Thakore Commerce College for women, Ellisbridge, Ahmedabad | Ahmedabad |
| 48 | Sheth T.C. Kapadiya Arts & Commerce College, Tal : Sankheda, Vadodara | Vadodara |
| 49 | Smt. Sadguna C.U. Arts College for girls Lal darwaja, Ahmedabad | Ahmedabad |
| 50 | R.R. Mehta College of Science & C.L. Parikh College of Commerce, Palanpur | Banaskantha |
| 51 | N.P. Arts & Commerce College, Keshod, Junagadh | Junagadh |
| 52 | M.B.Patel Science College Anand | Anand |
| 53 | Kamani Science College & Prataprai Arts College, Bhavanagar Road, Amreli | Amreli |
| 54 | Late Shri N.R.Boricha Education Trust Sanchalit Arts & Comm. College, Mendarda | Rajkot |
| 55 | Shri M.P.Shah Commerce College, Wadhwan City, Surendranagar | Surendranagar |

| | | |
|---|---|---|
| 56 | Shri Sardar Patel Education Trust, Junagadh, Shree Mahila Arts & Commerce College, Joshipura, Junagadh | Junagadh |
| 57 | Shree Somnath Education Soc. Smt. C.P.Choksi Arts & shree P.L.Chokshi Commerce College, Veraval, Junagadh | Junagadh |
| 58 | Shree Vidyottejak Mandal Shri M.P.Shah Muni. College of Commerce, Nr.Sat Rasta, Jamnagar | Jamnagar |
| 59 | Shree V.M.Mehta Arts &Commerce College, Pandit Nehru Marg, Jamanagar | Jamnagar |
| 60 | Shri H.N.Doshi Arts & R.N.Doshi Commerce College, Wakaner, Rajkot | Rajkot |
| 61 | Shri Jalaram Uchcha Kelvani Mandal Sanchalit Matushri Virbai ma Mahila Arts College, Mahila Chowk, Rajkot | Rajkot |
| 62 | Shri A.P.Patel Education and Cheritable tust Sanchalit Smt. R.R.Patel mahila Arts & Commerce College Amin Marg, Rajkot | Rajkot |
| 63 | D.B. Raval Arts & Commerce College, Halvad Dist. Surendranagar | Surendranagar |
| 64 | Smt. K.S.N. Kansagra Mahila College, Kalawad Road, Rajkot | Rajkot |
| 65 | The Late M.J.Kundalia Arts & Commerce Mahila College, Rastriashala | Rajkot |
| 66 | M.M. Ghodasara Mahila Arts & Commerce College, Junagadh | Junagadh |
| 67 | M.B.Arts & Commerce College, Mahadev wadi, Gondal | Rajkot |
| 68 | Navyug Edu. Soc. Shri K.H.M. Arts & Commerce College, Nr. Civil Airport, Porbandar | Porbander |
| 69 | Shree Bharat Saraswati Mandit Sansad Shri M.N.kampani Arts & Shri A.K.Shah Commerce College, Mangrol, Junagadh | Junagadh |
| 70 | C.U. City Commerce College, Laldarwaja Ahmedabad | Ahmedabad |
| 71 | V.S. Patel College of Arts & Science Bilimora, Navsari | Navsari |
| 72 | Smt V.P.Kapadiya Mahila Arts collg High court road, Himmatnagar | Bhavnagar |
| 73 | Smt. PNR Shah Arts & Commerce College, Palitana Dist. Bhavnagar | Bhavnagar |
| 74 | J.Z. Shah Arts & H.P. Desai comm. College Amroli, St. Utron Surat | Surat |
| 75 | J.B. Dharukwala Mahila Arts College Opp. Spinning mill, Varachha road, Surat | Surat |
| 76 | | |
| 77 | S.B. Garda Arts & P.K. Patel College of Commerce Navsari | Navsari |
| 78 | M.V. Arts & Commerce College, Halol | Panchmahal |
| 79 | Mahila Arts College, Vijapur | Mehsana |
| 80 | R.H. Patel Arts & Commerce College Nava Wadaj, Ahmedabad | Ahmedabad |
| 81 | The Sarvodaya Nagrik Sahakari Mahila Arts College, Mehtapura, Himmatnagar | Sabarkantha |
| 82 | Sheth H.P. Arts and Commerce College, Talod | Sabarkantha |
| 83 | C & S.H. Desai Arts & L.K.L. Doshi Commerce College, Balasinor | Kheda |
| 84 | F.D. Arts & Commerce College for women Nr. Jamalpur Gate, Ahmedabad | Ahmedabad |
| 85 | Smt. J.P. Shroff Arts College, Valsad | Valsad |
| 86 | Kavishri Botadkar Arts & Commerce College, Botad, Dist. Bhavnagar | Bhavnagar |
| 87 | Smt. K.K. Arts & Commerce College Ankleshwar | Bharuch |
| 88 | Sheth S.V. Arts & Commerce College Nagalpur road, Mandvi, Kutch | Kutch |
| 89 | Anand Arts College Anand | Anand |
| 90 | N.S. Patel Arts College Anand | Anand |
| 91 | Nima Girls Arts College, Gozariya, | Mehsana |
| 92 | Narmada College of Science & Commerce Bharuch | Bharuch |
| 93 | P.K. Chaudhari Mahila Arts College, Sector-07, Gandhinagar | Gandhinagar |
| 94 | Shri Sahajanand Arts & Commerce College Ambawadi, Ahmedabad | Ahmedabad |
| 95 | C.N. Arts & B.D. Commerce College Kadi | Mehsana |
| 96 | J.L.K. Kotecha Arts College & Smt. S.H. Gardi Commerce College, Kakanpur | Panchmahal |
| 97 | P.D. Pandya Mahila Commerce College, Ghodasar, Ahmedabad | Ahmedabad |
| 98 | Sheth P.T. Mahila Arts & Home Science College, Surat | Surat |
| 99 | Government Science College, Valod Tapi | Tapi |
| 100 | Gujarat Commerce College, Ellisbridge, Ahmedabad | Ahmedabad |
| 101 | D. D. Thakkar Arts & K.J.Patel Commerce College, Khhedbrahama | Sabarkantha |

| | | |
|---|---|---|
| 102 | Arts College, Vijaynagar | Sabarkantha |
| 103 | Adivasi Arts & Commerce College, Bhiloda | Sabarkantha |
| 104 | Arts College, Rajendranagar, Ta.: Bhiloda | Sabarkantha |
| 105 | Navjivan Science College, Dahod | Dahod |
| 106 | Shri K. R. Desai Arts Commerce College, Zalod | Dahod |
| 107 | Arts College, Limkheda | Dahod |
| 108 | S. R. Bhabhor Arts College, Singvad | Dahod |
| 109 | Y. N. Arts & K. S. Shah Commerce College, Devghadhbariya | Dahod |
| 110 | S. V. Patel Arts College, Simaliya, Ta. Ghoghamba | Panchmahal |
| 111 | Arts College, Fatepura | Dahod |
| 112 | Adivasi Arts & Commerce College, Santrampur | Panchmahal |
| 113 | Shri K. N. Mehta & Mrs. M. F. Dani Arts College, Malvan, Ta.Kadana | Panchmahal |
| 114 | Mrs. S. R. Gardi Arts College, Munpur, Ta.Kadana | Panchmahal |
| 115 | Natvarsinhji Arts, Science, Commerce College, Chottaudaipur | Vadodara |
| 116 | M. R. Arts Science College, Rajpipla | Narmada |
| 117 | C. P. Purani Health Education Degree College, Rajpipla | Narmada |
| 118 | Shrirang Navchetan Women's Arts College, Valiya | Bharuch |
| 119 | Mrs. R. P. Chauhan & Mrs. J. K. Shah D. K. Shah Commerce College, Vyara | Surat |
| 120 | Morarji Desai Arts - Commerce College, Virpor (Bohari) | Surat |
| 121 | Arts - Commerce College, Nizar | Surat |
| 122 | Arts - Commerce College, Mandvi | Surat |
| 123 | The Patidar Jin Scince College, Bardoli | Surat |
| 124 | Patel Raman Brothers Arts Commerce College, Bardoli | Surat |
| 125 | Vanraj Arts Commerce College, Dharampur | Valsad |
| 126 | Arts Commerce College, Motapanth | Valsad |
| 127 | J. P. Pardiwala Arts Commerce College, Pardi | Valsad |
| 128 | Shri M. R. Desai Arts & E. E. Lehar Kosadiya Commerce College, Chhikhali | Navsari |
| 129 | Govt. Arts College, Megharaj | S.K |
| 130 | | |
| 131 | Govt. Arts & Commerce College, Netrang | Bharuch |
| 132 | Govt. Arts & Commerce College, Karchelia, Mahua | Surat |
| 133 | Govt. Arts & Commerce College, sarigam, Bhilad | Valsad |
| 134 | Govt. Arts & Commerce College, Vasda | Navsari |
| 135 | Govt. Arts & Commerce College, Songadh | Tapi |
| 136 | Municipal Urban Arts & Science College, Nagalpur Road Highway | Mehsana |
| 137 | Shri Mohansinh Chhotubhai Rathwa College Of Arts, Pavi Jetpur | Vadodara |
| 138 | S. V. Arts College, Relief Road, Ahmedabad | A'bad |
| 139 | H. A. College of Commerce, Ellisbridge, GLF Campus, Ahmedabad-60 | A'bad |
| 140 | Shree J. M. Patel Arts & Smt. M. N. Patel Commerce Mahila College, Unjha - 384170 | Unjha |

## CHINA PROJECT

The world's oldest Open University, The Open University, UK which has higher ranking then the Oxford University has expressed its willingness to collaborate with Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad in perusal with it its delegate member visited BAOU to explore the possibility of collaboration in academic and Open and Distance Learning Project on 26th & 27 th May, 2008. The process begins with the visit of Dr. Jim Donohue, Head of Open English Language Teaching, Department of Languages, the Open University, UK to the University. He visited the professional centre and the study centre of the University and two special projects undertaken by the University, English Language Lab and Mobile Study Centre. He had meetings with various officials of the University. The collaboration between two universities and joint certification for the courses like : This is English (China Project), World Class Business English & Professional Communication skills for business studies will help the students.

## SC / ST Cell વિભાગ

જિલ્લા પછાત કલ્યાણ અધિકારીની કચેરી A-10 બહુમાળી મકાન (લાલદરવાજા) ડૉ. બા. આ. ઓ. યુ. ખાતેથી મંજૂર કરાવેલ શિષ્યવૃત્તિ 76 વિદ્યાર્થીઓને મળવાપાત્ર છે. જે વિદ્યાર્થીઓના ઘરે ચેક/ડી.ડી. દ્વાર મોકલવામાં આવ્યા. વિદ્યાર્થીઓનાં ક્ષતિપૂર્તતા થઈ આવેલ ફોર્મમાં 242 વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરવામાં આવેલ છે, જેની જાણ વિદ્યાર્થીને પત્ર દ્વારા કરેલ છે. શિષ્યવૃત્તિ નામંજૂર કરવાનું કારણ એક જ વર્ષમાં બે અભ્યાસક્રમમાં એડમીશન લીધેલ હોય, ડૉ. બા. આં. ઓ. યુ. સિવાય જે તે યુનિ.માં એડમીશન લીધેલ હોય અને ત્યાંથી શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવેલ હોય તો બીજા અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી. સમાજ કલ્યાણ ખાતાના નિયમાનુસાર બે જગ્યાએથી શિષ્યવૃત્તિ લેવી તે ફોજદારી ગુનો બને છે. બીજું કારણ વિદ્યાર્થીની આવક મર્યાદા એક લાખ કરતા વધારે હોય તો શિષ્યવૃત્તિ મળવા પાત્ર નથી. વિદ્યાર્થિનીઓ માટે આવકની મર્યાદા હોતી નથી. જો વિદ્યાર્થિની નોકરી ન કરતી હોય તો પતિ/પિતાની આવકનું ઓરિજનલ પ્રમાણપત્ર જોડવું ફરજિયાત છે. અને નોકરી કરતાં હોય તો પોતાની આવકનું પ્રમાણપત્ર ઓરિજનલ જોડવું જરૂરી છે. 145 વિદ્યાર્થીઓના ફોર્મ સમાજ કલ્યાણ ખાતાના કર્મચારીઓ દ્વારા ચેક કરતાં ક્ષતિ જણાતાં યુનિ. ખાતે મોકલવામાં આવે જે ફોર્મ વિદ્યાર્થીના ઘરે ક્ષતિપૂર્તતા કરવા માટે મોકલી આપવામાં આવે છે. જેમાંથી અંદાજે 90 ફોર્મ પરત આવેલ છે. જે સમાજ કલ્યાણ ખાતાની કચેરીએ મોકલવામાં આવ્યાં. વિદ્યાર્થીઓએ ક્ષતિપૂર્તતા કરીને જે ફોર્મ યુનિ. ખાતે મોકલેલ તેવાં ફોર્મ સમાજ કલ્યાણમાં મોકલી આપેલ જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ફોર્મનીસંખ્યા | તારીખ |
|---|---|---|---|
| (1) | 2008 | 155 | |
| | 2007 | 266 | 4-08-2008 |
| | 2006 | 586 | |
| (2) | 2006 | 550 | |
| | 2007 | | 30-06-2008 |
| (3) | 2007 | 169 | 6-06-2008 |
| (4) | 2007 | | |
| | 2006 | 286 | 20-05-2008 |
| | 2005 | | |
| (5) | 2007 | | |
| | 2005 | 140 | 6-05-2008 |

**કેન્દ્ર સંયોજક / વિદ્યાર્થીઓ અંગેની અગત્યની સૂચનાઓ**

(1) ફેબ્રુ-2007નાં ક્ષતિવાળા ફોર્મ સેન્ટર પર મોકલી આપવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓને જાણ કરી તા.કા. ક્ષતિપૂર્તતા કરાવી યુનિ. એ મોકલી આપવા. અમુક સેન્ટરો દ્વારા વિદ્યાર્થીઓને ફોર્મ વિષે જાણકારી ન આપતા વિદ્યાર્થી સેન્ટર પરથી યુનિ.એ આવે છે. પરંતુ વિદ્યાર્થીનું ફોર્મ સેન્ટર પર મોકલવામાં આવેલ હોય છે. ફોર્મ વિષે વિદ્યાર્થીને મદદરૂપ થઈ યોગ્ય માહિતી આપી તેની મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયત્ન કરી શકાય.

(2) વિદ્યાર્થી ફોર્મ ભરી સેન્ટર પર જમા કરાવે ત્યારે ચેક કરી લેવું જે વિગતો ભરવાની બાકી હોય તે પૂર્તતા કરાવવી. ચેક લિસ્ટ વિદ્યાર્થીને સેન્ટર પરથી ફોર્મ સાથે આપવું. જેથી વિદ્યાર્થીને ફોર્મ ભરવામાં મદદરૂપ બની શકે.

(3) વિદ્યાર્થીને અભ્યાસના તૂટતા સમય માટે 20 રૂ.ના સ્ટેમ્પ પેપરની ઝેરોક્ષ ન જોડતાં ઓરિજનલ કોપી જ મૂકવી.

(4) વિદ્યાર્થીને ક્ષતિપૂર્તતા કરાવવા માટે ઘરે મોકલાવેલ ફોર્મ સાથે જોડેલ ચેક લિસ્ટ બરાબર વાંચી જવું અને તે પ્રમાણે ક્ષતિપૂર્તતા કરીને જ ફોર્મ યુનિ. ખાતે મોકલવું. ઘણા વિદ્યાર્થીઓને બે-ત્રણ વાર ફોર્મ મોકલાવ્યા બાદ પણ ક્ષતિ પૂર્તતા કરી શકતા નથી. તેના માટે તેવા વિદ્યાર્થીના ફોર્મ અને શિષ્યવૃત્તિની જવાબદારી વિદ્યાર્થી પોતાની રહેશે તેના માટે યુનિ. જવાબદાર ગણાશે નહિ.

## સ્વાધ્યાય વિભાગ

યુનિવર્સિટીના શરૂ થનાર Aug-'08ના પ્રવેશાર્થીઓ માટે માસ્ટર ડિગ્રી તેમજ બી.એ., બી.કોમ. તેમજ ડિપ્લોમાં, પીજી ડિપ્લોમાંના તમામ પાઠ્યક્રમોના નવા સ્વાધ્યાય કાર્ય તજજ્ઞો પાસેથી તૈયાર કરાવી તેના સ્વાધ્યાય કોપી તૈયાર કરવાની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ સત્ર અંતે સેન્ટર પર થનાર પરિચય બેઠકમાં મટીરિયલ સાથે તેની સ્વાધ્યાય કોપી વિદ્યાર્થીઓને મળશે. જેથી વિદ્યાર્થીઓ પોતપોતાના અનુકૂળ સમયે અધ્યયન કરી તેના સ્વાધ્યાય કાર્ય તૈયાર કરી જે તે તારીખ સમય મર્યાદામાં વિદ્યાર્થી સેન્ટર પર જમા કરાવી શકે અને સતત અધ્યયનથી પોતાનો શૈક્ષણિક વિકાસ કરી શકે.

યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રો પરથી Aug-'07ના વિદ્યાર્થીઓના સ્વાધ્યાય કાર્યના ગુણ આવી રહ્યા છે. જે તે અભ્યાસકેન્દ્ર પરથી સ્વાધ્યાય ગુણ ન આવ્યા હોય તેમને પરીક્ષા પહેલા સ્વાધ્યાય માર્કસ મોકલવાની જાણ કરવામાં આવે છે.

તદ્ ઉપરાંત યુનિવર્સિટીની એકેડેમિક પ્લાનિંગ બોર્ડ (APB)ની 34મી બેઠકમાં સ્વાધ્યકાર્યની પદ્ધતિમાં ફેરબદલની મંજૂરી મળેલ છે. મળેલ મંજૂરી અન્વયે ઓગસ્ટ-2008ના

સત્રથી MA-Part-01 ના તમામ અભ્યાસક્રમોના પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય વિદ્યાર્થીઓને લખવાના રહેશે. તેમજ ઓગષ્ટ-2009ના સત્રથી MA Part-02, અને B.A./ B.Com તેમજ PG Diploma અને Diploma ના તમામ અભ્યાસક્રમોના પાઠ્યક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય વિદ્યાર્થીઓને લખવાના થાય છે. જેની સૂચના અભ્યાસકેન્દ્રના નોટીસ બોર્ડ પર મૂકવા તેમજ ઓગષ્ટ-2008ના સત્ર પહેલાના વિદ્યાર્થીઓને જૂની પદ્ધતિથી સ્વાધ્યાયકાર્યો જમા કરાવવાના રહેશે.

## MSW વિભાગ

MSW I અને II ના વિદ્યાર્થીઓની સત્રાંત પરીક્ષા તા. 9-1-'08થી 14-6-'08ના સમયગાળા દરમ્યાન યોજાઈ ગઈ. જેનું પરિણામ જાહેર થયે વેબસાઈટ પર મૂકવામાં આવશે.

## પી.એચડી. વિભાગ

1. પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને સંશોધનમાં માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા. 23-3-'08ની તા. 25-3-'08 સુધી "એડવાન્સ એજ્યુકેશનલ રીસર્ચ" વિષય પરની કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને શિક્ષણ સંલગ્ન તમામ વ્યક્તિઓએ આવકારેલ અને શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાન વિષયની આ કાર્યશાળા મુજબ અન્ય વિષય માટે પણ આજ પ્રકારની કાર્યશાળા યોજાય તેવી લાગણી વ્યક્ત કરેલ છે.
2. પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે પ્રોગ્રેસ રિપોર્ટ પ્રેઝન્ટેશનનું આયોજન ઓક્ટોબર દરમ્યાન થઈ ગયું.

## Sp. B.Ed વિભાગ

1. પ્રથમ વખત યોજાતી પ્રથમ વર્ષની સત્રાંત પરીક્ષામાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી યુનિવર્સિટી દ્વારા એક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન તા. 22-6-08ને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં Sp. B.Edના પ્રથમ વર્ષના અભ્યાસક્રમના નીચે જણાવેલ ચાર વિષયોમાં વિષય નિષ્ણાતો દ્વારા પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું. ભાવનગર અને દાહોદ કેન્દ્રના વિદ્યાર્થીઓને પણ આ કાર્યક્રમનો લાભ મળે તે હેતુથી એજ્યુસેટ મારફતે તેનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ડૉ. ડી.એમ. બકરાણીયા દ્વારા કરવામાં આવેલ.

**યોજાયેલ કાર્યક્રમની રૂપરેખા**

| ક્રમ | વિષય કોડ | વિષય નિષ્ણાતનું નામ |
|---|---|---|
| (1) | SECP-01 | ડૉ. એમ. એલ. જોષી |
| (2) | SECP-04 | શ્રી કે.ડી. પારેખ |
| (3) | SESV-01 | શ્રી ભરતભાઈ પંચાલ |
| (4) | SESH-01 | શ્રી ચેતનાબહેન કોઠારી |
| (5) | SESM-01 | ડૉ. બી. પી. લુલ્લા |
| (6) | SESM-01 | શ્રી રણછોડભાઈ સોની |
| (7) | SESM-02 | પ્રિ. પંકજભાઈ મિસ્ત્રી |
| (8) | SESM-03 | ડૉ. સ્મિતાબહેન ત્રિવેદી |

2. વર્ષ 2007-'09 Sp.B.Ed.ના વિદ્યાર્થીઓની પ્રથમ વર્ષની સત્રાંત પરીક્ષાનું આયોજન તારીખ 02-07-'08થી 06-07-'08 દરમયાન અમદાવાદ, વડોદરા, દાહોદ અને ભાવનગર કેન્દ્ર પર થઈ ગયું. કુલ 344 વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં હાજરી આપી. આ પરીક્ષા સુચારુ રીતે સંપન્ન થઈ.
3. યુનિવર્સિટીની સત્રાંત પરીક્ષા 2008 દરમ્યાન ઓબઝર્વેશનની કામગીરી Sp. B.Ed. વિભાગ દ્વારા કરવામાં આવી. જુદા જુદા કેન્દ્રો પર યોજાયેલ આ પરીક્ષાઓ શિસ્તબદ્ધ અને સુચારુ રૂપે યોજાય તે ઉદ્દેશથી જિલ્લા વડામથકો પર એક-એક પ્રતિનિધિની નિયુક્તિ કરવામાં આવી. આ પ્રતિનિધિના માર્ગદર્શન અને નેજા હેઠળ જરૂરિયાત મુજબના અધ્યાપક કે તેની સમકક્ષ લાયકાત ધરાવતા ઓબઝર્વેશનશ્રીઓ દ્વારા પરીક્ષા કામગીરીનું ઓબઝર્વેશન થયું. આ કામગીરી દરમ્યાન યુનિવર્સિટીની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક એમ બંને પરીક્ષાઓને આવરી લેવામાં આવી.

## આરોગ્ય અભ્યાસક્રમ

આ યુનિ. દ્વારા ચલાવવામાં આવતા "ડિપ્લોમાં ઈન ફિઝીયોથેરાપી" અભ્યાસક્રમની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષાઓ તા. 05-8-2008થી તા. 09-08-2008 સુધી ફિઝીયોથેરાપી કોલેજ ફોર ધી બ્લાઈન્ડ, નવરંગપુરાના સહયોગથી તે સ્થળે યોજાયેલ. ગુજરાતમાં પ્રથમવાર કોમ્પ્યુટર દ્વારા અંધ વિદ્યાર્થીઓ માટે યોજાયેલ આ પરીક્ષામાં 13 વિદ્યાર્થીઓએ લહિયા દ્વારા પરીક્ષા આપેલ છે. પરીક્ષાનું સુચારુ સંચાલન ડૉ. હોમીયાર મોલેદજી, કોર્સ કોર્ડિનેટર અને ડૉ. ડી.એમ. બકરાણીયા, યુનિ.ના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલ.

## ગ્રંથાલય વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લાયબ્રેરીનો ઉપયોગ રેફરન્સ લાયબ્રેરી તરીકે કરવામાં આવે છે. મુખ્ય મથકની લાયબ્રેરીથી અભ્યાસ/પ્રોગ્રામ કેન્દ્ર પર લાયબ્રેરી સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આદિવાસી વિસ્તારના **40** અને વિદ્યાર્થીની સંખ્યાને

ધ્યાનમાં રાખી તૈયાર કરેલ યાદી મુજબના **25** આવા કુલ **65** સેન્ટરો ઉપર લાયબ્રેરી સેવા ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. ટૂંક સમયમાં જ સેન્ટરો ઉપર પુસ્તકો મોકલી આપવામાં આવશે.

યુનિવર્સિટી લાયબ્રેરીના ઓટોમેશન માટે પુસ્તકોની Data Entry ની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. SOUL લાયબ્રેરી સોફ્ટવેરમાં પુસ્તકોની Entry કરવામાં આવેલ છે.

સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારીમાં ગુજરાતના વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ભાગ રૂપે વર્ષ 2005-06 દરમ્યાન યુનિવર્સિટી દ્વારા પ્રિલિમ પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થતા વિષયોને આવરી લઈ આયોજિત કરેલ સેટોડિયલ પ્રોગ્રામની સીડી વેચાણથી ઉપલબ્ધ છે.

આ ઉપરાંત GPSC/ UPSC ની પરીક્ષા આપતા કોઈપણ વિદ્યાર્થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી લાયબ્રેરીનો રેફરન્સ લાયબ્રેરી તરીકે ઉપયોગ કરી શકે છે.

## બી.એડ્ વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમ અન્વયે 500 બેઠકો( NCRT માન્ય) માટેની પ્રવેશ પ્રક્રિયા -2008ની કાર્યવાહી નીચે મુજબ કરવામાં આવેલ.

- તા.15-06-2008 ના રોજ બી.એડ(જનરલ)ની પ્રવેશ જાહેરાત સમાચાર પત્રમાં આપવામાં આવેલી.
- તા.24-06-2008ના રોજ બી.એડના 10 અભ્યાસકેન્દ્રો તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતેથી ફોર્મ વિતરણની કાર્યવાહી કરવામાં આવેલી.
- પ્રવેશ અરજીઓ સ્વીકારવાની છેલ્લી તા.15-06-2008 રાખવામાં આવેલ. ભરેલા ફોર્મ રજિસ્ટર પોસ્ટ કે રૂબરૂમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે સ્વીકારવામાં આવેલ.

### બી.એડ્. પ્રવેશ પરીક્ષા અંગે માહિતી

- બી.એડ્. પ્રવેશ પરીક્ષા તા. 03-08-2008ને રવિવારના રોજ 12:00 થી 3.00ના સમય દરમિયાન યોજાઈ ગયેલ
- પ્રવેશ પરીક્ષા કુલ 150 ગુણની રાખવામાં આવેલ. જેના પ્રશ્નપત્રમાં બે પાર્ટ A & B સમાવેશ કરવામાં આવેલ.
  પાર્ટ A : સામાન્યજ્ઞાન - શિક્ષણ વિષયક તથા અન્ય (100 ગુણ)
  પાર્ટ B : વિષય વસ્તુ
  (ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ પ્રકાશિત જે તે વિષય નોંધો. 6 થી 9 સુધીનો અભ્યાસક્રમ).
- મેરિટ નક્કી કરવાની પદ્ધતિ
  પ્રવેશ પરીક્ષા કુલ 150 ગુણમાંથી મેળવેલા ગુણને આધારે મેરિટ યાદી તૈયાર કરવામાં આવેલ.
- મેરિટ ગુણના આધારે તા.31-08-08 થી તા.02-09-08 દરમિયાન પ્રવેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ ત્રણ દિવસ દરમિયાનની પ્રવેશ કાર્યવાહીમાં 445 બેઠકો ભરાઈ ગયેલ.
- બાકી રહેલ 55 બેઠકો માટે તા.28-09-2008ના રોજ પ્રવેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં આ 55 બેઠકો સાથે કુલ 500 બેઠકો ભરાઈ ગયેલ. આમ, વર્ષ 2008 ની બી.એડ. પ્રવેશ કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયેલ.
- બી.એડ.-2008 અન્વયે થયેલ એડમિશનના 10 અભ્યાસકેન્દ્રો ઉપર પરિચય બેઠક તા.05-10-2008ના રોજ યોજાઈ ગઈ.

### બી.એડ્. સત્રાંત પરીક્ષા અંગે...

બી.એડ. પ્રથમ વર્ષની સત્રાંત પરીક્ષા તા. 05-11-2008થી બી.એડ્.ના 10 અભ્યાસ કેન્દ્રો પર શરૂ થનાર છે જેની અભ્યાસ કેન્દ્ર તથા તાલીમાર્થીઓએ નોંધ લેવી.

- પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું (પરિરૂપ) ઈગ્નૂના પ્રશ્નપત્રના માળખા પ્રમાણે રહેશે.

### બી.એડ.અભ્યાસ કેન્દ્રો માટેની સૂચનાઓ:

- પરીક્ષા સંબંધિત સામાન્ય સૂચનાઓ માટે પરીક્ષા પૂર્વે એક કાઉન્સિલિંગ બેઠકનું આયોજન કરવાનું રહેશે.
- સત્રાંત પરીક્ષા અંગેનું આયોજન તમામ કેન્દ્રોએ કરવાનું રહેશે.

## બી.એડ્. ના ૧૦ અભ્યાસ કેન્દ્રો ઉપર યોજાયેલ વર્કશોપ અંગેની માહિતી :

વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્યોનું આયોજન 24 દિવસના સમયગાળામાં 2 વર્કશોપ દરમિયાન કરવામાં આવે છે. જેના ભાગરૂપે બી.એડ્.ના 10 અભ્યાસકેન્દ્ર ઉપર 12 દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, જેમાં જે તે વિષયના તજ્જ્ઞશ્રીઓને આમંત્રિત કરવામાં આવેલ. આમ, પ્રશિક્ષણાર્થીઓના કૌશલ્ય અને ક્ષમતાઓનો વિકાસ કરવા માટે પ્રત્યક્ષ આદાન-પ્રદાનનો એક સફળ પ્રયાસ કરવામાં આવેલ.

| ક્રમ અભ્યાસકેન્દ્ર કોડ | અભ્યાસકેન્દ્રોનું નામ સમયગાળો |
|---|---|
| 1. અમદાવાદ 0780101 | શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશનલ કોલેજ ફોર વિમેન, વી.એસ. હોસ્પિટલ પાછળ, કોંગ્રેસભવનની બાજુમાં, એલિસબ્રીજ, અમદાવાદ - 06. 15-05-08 થી 6-5-08 |
| 2. અમદાવાદ 0780102 | શ્રી પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન, ગુલાબ ટાવર, રુદ્રવન સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ- 380 054 04-05-08 થી 15-05-08 |
| 3. મુંદ્રા 780301 | એસ.ડી.શેઠીઆ કોલેજ ઓફ એજ્યુકેશન, અંજાર રોડ, કુદરતી ઉપચાર કેન્દ્રની સામે, મુંદ્રા (કચ્છ) 370421 26-05-08 થી 06-06-08 |

4. અલિયાબાડા 0780601 — ડી.જી. શિક્ષણ મહાવિદ્યાલય, અલિયાબાડા દરબાર ગોપલદાસ શિક્ષણ મહાવિદ્યાલય, જિ. જામનગર - 361 110
25-05-08 થી 05-06-08

5. ભાવનગર 0781201 — ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, બી.પી.ટી.આઈ. સામે, વિદ્યાનગર સોસાયટી, ભાવનગર - 364 002
18-5-08થી યોજાયેલ

6. ગોધરા 0781601 — સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા સિવિલ લાઈન રોડ, જિ. પંચમહાલ, ગોધરા - 389001

7. મોડાસા 0781701 — બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, કોલેજ રોડ, મોડાસા- 383315
21-05-08 થી 30-05-08

8. સુરત 0781801 — વી.ટી. ચોક્સી કોલેજ ઓફ એજ્યુકેશનલ, અઠવાલાઈન્સ, ચોપાટી પાસે, લાલબંગલા નજીક, સુરત-395007
15-05-08 થી 26-05-08

9. સુરેન્દ્રનગર 078201 — સી.એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર માનવમંદિર પાસે, સુરેન્દ્રનગર-363002

10.પાટણ 0782401 — એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન, યુનિ. રોડ, પાટણ (ઉ.ગુ.) -384265

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બી.એડ. અભ્યાસકેન્દ્ર શ્રી. એચ.ડી.શેઠિયા, કોલેજ ઓફ એજ્યુકેશન મુકામે બી.એડ્. 2007-'08ના વર્ષનો પ્રથમ વર્કશોપ તા.૨૬-૦૫-૦૮ થી ૫-૦૬-૦૮ યોજાઈ ગયો.

આ વર્કશોપમાં કુલ 48 પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. તેમણે નિયત કાર્યક્રમ પ્રમાણે આયોજન સત્ર, ચર્ચા સત્ર, જૂથકાર્ય અને અહેવાલ વાંચન તથા સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

વર્કશોપના પ્રથમ દિવસની શરૂઆત સવારે 10:30 કલાકે પ્રશિક્ષણાર્થી બહેન શ્રીમતિ માલતી જાડેજા દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવેલ. પ્રારંભના ઉદ્‌ઘાટન સત્રમાં વર્કશોપના સંયોજક અને ડાયરેક્ટર ડૉ. એલ. વી. ફફલે સૌ પ્રશિક્ષણાર્થીઓને આવકારીને ઉદ્‌ઘાટન વિધિ કરેલ. જેમાં શાળાના આચાર્ય, શિક્ષક પ્રશિક્ષકો, તજ્જ્ઞો અને પરામર્શકો હાજર રહ્યા હતા. વર્કશોપ દરમિયાન બી.એડ. કાર્યક્રમની રૂપરેખા, ઉદ્દેશો તથા સમગ્ર કાર્યવિધિ વિશે ચર્ચા થઈ હતી. જેનું સંચાલન ડૉ. એલ. વી. કફલ દ્વારા કરવામાં આવેલ.

બાર દિવસના વર્કશોપ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને એકમ આયોજન, પાઠ આયોજન, વિવિધ કૌશલ્યો, માઈક્રોપાઠ, શિક્ષણ પદ્ધતિઓ, વર્ગખંડ વ્યવસ્થાપનં અધ્યેતાકેન્દ્રી અધ્યાયને સમૂહ અધ્યાપકોનો અધ્યપક અધ્યાયનમાં ઉપયોગ વગેરે બાબતોની તજ્જ્ઞોના પરામર્શકો દ્વારા અસરકારક રજૂઆત કરવામાં આવેલ અને તાલીમાર્થીઓને વર્ગખંડમાં પ્રાયોગિક શિક્ષણ કાર્ય કરવા માટેની સામગ્રીથી સજ્જ કરવામાં આવેલ. આ વર્કશોપમાં નીચે પ્રમાણેના તજ્જ્ઞ / માર્ગદર્શક / પરામર્શક હાજર રહ્યા હતા.

(1) ડૉ. એલ. વી. ફફલ (2) ડૉ. ગીતાબહેન ભણસારી
(3) પ્રા. કૈલાશભાઈ નાંઢા (4) પ્રા. મૃદુલાબહેન ઠક્કર
(5) પ્રા. ભાવિકભાઈ શાહ (6) પ્રા. પલ્લવીબહેન શાહ
(7) કુ. પરીનબહેન ઓઝા (8) કુ. આશાબહેન કેવડિયા
(9) ડૉ. હીનાબહેન જાની

તા. 31-ઓગષ્ટ તથા તા.01 અને 02 સપ્ટેમ્બરના રોજ પ્રવેશ કાર્યક્રમ યોજાયેલ જે સંદર્ભે 500 બેઠકો પૈકી 445 બેઠક ભરાયેલ છે. બાકી રહેલ 55 બેઠકો માટે તા.28- 09-2008ના રોજ પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે.

## પરામર્શન વિભાગ

ડૉ. બા.આં.ઓ.યુ. દ્વારા ગુજરાત રાજ્યના અંતરિયાળ ગામડાંઓ સુધી અભ્યાસકેન્દ્ર / પ્રોગ્રામ કેન્દ્ર ચલાવવામાં આવે છે. જ્યાં પરામર્શકોની નિમણૂંક કરી. વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ માર્ગદર્શન મળી રહે તે માટે પરામર્શન સત્ર યોજવામાં આવે છે.

- અભ્યાસકેન્દ્ર / પ્રોગ્રામ કેન્દ્ર દ્વારા મોકલવામાં આવતી પરામર્શક માટેની અરજીઓ શક્ય હોય ત્યાં સુધી જે તે અભ્યાસક્રમની લાયકાત પ્રમાણેના દરેક પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બીડવી.
- પ્રોગ્રામર / સંયોજક માટેની અરજીઓ પરામર્શકની અરજીઓ સાથે ન મોકલવા વિનંતી.

## પરીક્ષા વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા જુદા જુદા સેન્ટરો પર યોજાયેલ એપ્રિલ-2008માં લેવાયેલ પરીક્ષાઓ પૈકી નીચે મુજબનાં પરિણામ જાહેર કરેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | MSO | - 5-7-'08 | (10) | DPCA | - 5-7-'08 |
| (2) | MGT | - 5-7-'08 | (11) | B.A. | - 9-7-'08 |
| (3) | CCCD | - 5-7-'08 | (12) | B.Com. | - 9-7-'08 |
| (4) | CFOR | - 5-7-'08 | (13) | M.EG | - 15-7-'08 |
| (5) | CTM | - 5-7-'08 | (14) | MHD | - 23-7-'08 |
| (6) | CCBP | - 5-7-'08 | (15) | CPFM | - 27-6-'08 |
| (7) | DIN | - 5-7-'08 | (16) | CCSE-I | - 27-6-'08 |
| (8) | DOR | - 5-7-'08 | (17) | CMT | - 27-6-'08 |
| (9) | DAA | - 5-7-'08 | (18) | CFA | - 5-7-'08 |

બાકીનાં પરિણામો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો એને મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1. બેચરલ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન લાયન્સ BLIS
2. બેચરલ ઓફ સંસ્કૃત - EST
3. આંગણવાડી
4. માસ્ટર ઓફ સોશિયલ વર્ક - MSW

ઉપરોક્ત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાય કાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે - તે અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## અભ્યાસ કેન્દ્રો તરફ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નવા અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામ કેન્દ્ર શરૂ કરવા અંગે તા. 24-10-2008ના રોજ સમાચાર પત્રમાં જાહેરાત આપવામાં આવેલ તે સંદર્ભે કુલ - 224 અરજી આવેલ હતી. તેમાંથી ચકાસણી કરી 88 સેન્ટરોની અરજી અને (LIC) સ્થળ તપાસ માટે મંજૂર થયેલ કેન્દ્રોની LIC ની કાર્યવાહી પૂર્ણ કરી કુલ 65 કેન્દ્રોને યુનિવર્સિટી દ્વારા અભ્યાસકેન્દ્ર / પ્રોગ્રામ કેન્દ્ર શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. જેની જાણ જે તે સેન્ટરને પત્ર દ્વારા કરવામાં આવેલ છે. મંજૂરી આપેલ સેન્ટરોની યાદી નીચે મુજબ છે.

યુનિવર્સિટી દ્વારા તા. 10-4-2008ના રોજ સમાચારપત્રમાં આપવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં કાર્યવાહી હાલ ચાલુ છે. કાર્યવાહી પૂર્ણ થયા બાદ જે તે સેન્ટરને જાણ કરવામાં આવશે. વધુ માહિતી માટે અભ્યાસકેન્દ્રના ઈન્ચાર્જ શ્રી દિલીપભાઈ કાતરીયાનો સંપર્ક કરવો.

### સેન્ટરની માન્યતા મળેલ કેન્દ્રોની યાદી

| ક્રમ | કેન્દ્રનું નામ | કેન્દ્રનો કોડ | આપેલ અભ્યાસ ક્રમ |
|---|---|---|---|
| 1. | કામેશ્વર એજ્યુકેશન કોલેજ, ફૂટ રોડ આનંદનગર, વેજલપૂર, અમદાવાદ-51 | 100 | 0162 MEG, MHD, MSO, MGT BA, B.Com, B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 2. | ઉપમન્યુ એજ્યુકેશન કોલેજ, ભુયંગદેવ ચાર રસ્તા પાસે, સોલારોડ, અમદાવાદ. | 0159 | B.P. PCCCD, CFN, CCC, CIC, CPCS. |
| 3. | શ્રી સાબરમતી વિદ્યામંદિર ટ્રસ્ટ C/o એચ. એચ. પટેલ હાઈસ્કૂલરામનગર, સાબરમતી, અમદાવાદ - 380 005 | 0160 | B.A. B.Com, BPP, CCC, CCCD, CPCS, CIC, CFN, CMT, CTM, DAA, DFM. |
| 4. | સાબરમતી હિન્દી હાઈસ્કૂલ બંસીધર વિભાગ-2ની બાજુમાં, શિલ્પા સોસાયટી, વલ્લભપાર્ક, સાબરમતી, અમદાવાદ-380 019. | 0161 | B.P.P. CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 5. | સરસ્વતી વિદ્યામંડળ ડૉ. રઘુભાઈ નાયડુ શિક્ષણ સંકુલ, ડૉ. આંબેડકર હોલની સામે, સરસપુર, અમદાવાદ - 380 018 | 0163 | CIC, CCC, C.P.C.S, BPP, CCCD, CFN. |
| 6. | ગાંધી વિદ્યાલય અસારવા મીલની બાજુમાં, અસારવા, અમદાવાદ-16 | 0164 | CIC, CCC, C.P.C.S, BPP, CCCD, CFN |
| 7. | ''જ્યોતીસંઘ'' શ્રીમતી એમ. એમ. ભવન, ભીમજીપૂરા ચાર રસ્તા, નવા વાડજ, અમદાવાદ-13 | 0165 | CIC, CCC, C.P.C.S, BPP, CCCD, CFN. |
| 8. | શ્રી નરનારાયણ દેવ પી.ટી.સી. કોલેજ, હાસલપુર હાઈવે, નર્મદા નહેર પાસે, મુ. પો. સોકલી, તા. વિરમગાર જિ. અમદાવાદ | 0166 | CIC, CCC, C.P.C.S. BPP CCCD, CFN. |
| 9. | શારદા શિશુ વિહાર હા.સે. સ્કૂલ વેજલપુર નગર પાલિકા સામે, જીવરાજ પાર્ક, અમદાવાદ-380 051 | 0167 | CIC, CCC,C.P.C.S., BPP CCCD, CFN. |
| 10. | આણંદ આર્ટસ કોલેજ મુ. પો. તા. જિ. આણંદ - 388 001. | 0422 | MEC, MHD, MSO, MEG, BA, B.Com, DCE, DCH, B.P.P, CCCD, CFN, CCC CIC, CPCS. |
| 11. | માયાવંસી પી.ટી.સી. કોલેજ મુ.પો. અંબાવ, તા. ઠાસરા, જિ. ખેડા | 0423 | BA, BCom, BPP, DCE, DCH, B.P.P., CCCD, CFN CCC, CIC, CPCS |
| 12. | શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી. એમ. પારેખ, કોમર્સ કોલેજ, ડાકોર રોડ, મુ. પો. કપડવંજ, જિ. ખેડા 387 620 | 0424 | MEC, MHD, MSO, MEG, BA, B.Com, DCE, DCH, B.P.P, CCCD, CFN, CCC CIC, CPCS |
| 13. | ભારતીય વિનય મંદિર મુ. પો. ચકલાસી તા. નડિયાદ, જિ. ખેડા- 387 325 | 0425 | B.A, B.Com, BPP, DCE, DCH, CTE, B.P.P. , CCCD CFN, CCC, CIC, CPCS. |
| 14. | અશ્વમેઘ અધ્યાપન મંદિર, પી.ટી.સી. કોલેજ, મોટાચિલોડા, તા. જી. ગાંધીનગર. | 0525 | B.A., B.Com, BPP CCCD, CFN, CCC, CIC CPCS. |
| 15. | એમ.ડી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, કલ્પતરુ પાછળ, અમદાવાદ - કલોલ હાઈવે, ચાંદખેડા નજીક મુ.પો. ઝુંડાલ, તા. જી. ગાંધીનગર | 0526 | B.P.P, CCCD, CFN, CCC CIC, CPCS |
| 16. | લોકનાથ ટ્રસ્ટ, મુ. પો. રખિયાલ તા. દહેગામ, જિ. ગાંધીનગર | 0527 | CIC, CCC, C.P.C.S, BPP CCCD, CFN. |
| 17. | શ્રીમતી શાંતાબહેન આર. હેરમા બી.એડ્. કોલેજ મુ. સતાપર તા. જામજોધપુર જિ. જામનગર | 0610 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 18. | સોમનાથ કોલેજ, વેરાવળ હાઈવે, બાયપાસ, મુ. ગોહિલ ખાણ તા. કોડીનાર, જિ. જૂનાગઢ | 0718 | MHD, MSO, MGT, B.A, B.Com, B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS. |

| | | |
|---|---|---|
| 19. સરસ્વતી મહિલા બી.એડ્. કોલેજ. મુ. તલાલા (ગીર) તા. તલાલા (ગીર) જિ. જૂનાગઢ 362 150 | 0719 | B.A., B.COM, B.P.P, CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 20. યાદવ બી. એડ્. કોલેજ, મુ. મંગલપૂર તા. કેશોદ જિ. જૂનાગઢ | 0720 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 21. શ્રી સરસ્વતી કોલેજ ઓફ એજ્યુકેશન રેલવે સ્ટેશન પાસે, મુ. ગીરગઢડા તા. ઉના, જિ. જૂનાગઢ 362 530 | 0721 | B.A, B.Com, B.P.P, CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 22. શ્રી જે. એસ. પરમાર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કોડીનર, વેરાવળ, હાઈવે રોડ, કોડીનાર જિ. જૂનાગઢ 362765 | 0722 | B.A, B.Com, B.P.P, CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 23. શ્રીમતી બી.પી. નાંડોખા બી.એડ્. કોલેજ મુ. ભાંચા. તા. ઉના, જિ. જૂનાગઢ 362 565 | 0723 | B.P.P., CCCD, CFN, CCC CIC, CPCS |
| 24. શ્રી જી. વાત્સલ્ય શૈક્ષણિક સંકુલ શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય ગુરુકુળ આદિતન્યનગર - 1 જોષીપૂરા જિ. જૂનાગઢ | 0724 | B.P.P., CCCD, CFN, CCC CIC, CPCS |
| 25. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રસાદજી કોમ્પ્યુટર સેન્ટર ઉના ભાવનગર રોડ જૂનાગઢ 262 560 | 0725 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 26. રૂપાયતન ગીરીતળેટી ભવનાથ, જિ. જૂનાગઢ | 0726 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS, CMT, CTM. |
| 27. સ્વસ્તિક સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ,ઈકબાલ ગાઢ તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા | 1012 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 28. શ્રી એસ. યુ. એન. મહેતા હાઈસ્કૂલ, મુ.પો.છાપી, તા. વડગામ, જિ. બનાસકાંઠા - 385 210 | 1013 | B.P.P., CCCD, CFN, CCC CIC, CPCS |
| 29. શ્રી આદેશ હાઈસ્કૂલ મુ. તા. દિયોદર જિ. બનાસકાંઠા (ઉ.ગુ.) 385 330 | 1014 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 30. શ્રી વિનય વિદ્યા મંદિર, થરા તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા - 385 555 | 1015 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 31. શ્રી યુ.એન. ચૌધરી આર્ટ્સ કોલેજ, બસ સ્ટેશન સામે, મુ. પો. વડગામ, જિ. બનાસકાંઠા | 1016 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS |
| 32. ડી.ડી. ચોકસી વિદ્યાલય, મુ. પો. નવાવાસ, તા. દાંતા. જિ. બનાસકાંઠા - 385 120 | 1017 | B.P.P., CB.A, B.COM. CCC, CIC, CPCS |
| 33. શ્રી વિદ્યાનિકેતન ઉચ્ચતર માધ્યમિક શાળા મુ. પો. ધ્રાગધ્રા, તા. પાલનપૂર જિ. બનાસકાંઠા. | 1018 | CIC, CCC, CPCS, BPP CCCD, CFN |
| 34. સારસ્વત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ 16, 17, વૃંદાવન વિદ્યુત સોસાયટી, સિદ્ધયોગ પ્લોટ, જગાણા રોડ પાલનપૂર, બનાસકાંઠા | 1019 | CIC, CCC, CPCS, BPP CCCD, CFN |
| 35. કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મુ. પો. થરા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા - 375555 | 1020 | B.A, B.Com, CCC, CIC, CCCD, BPP, CFN CTE, C.P.C.S. |
| 36. ગ્રામ નિર્વાણ કેળવણી મંડળ મુ. પો. થવા, તા. વાલીયા જિ. ભરૂચ | 1107 | B.P.P. CCCD, CFN, CCC CIC, CPCS. |
| 37. સાંઈબાબા એજ્યુકેશન ટ્રસ્ટ 8-બી, બેંક સોસાયટી, સુવીધા ટાઉનશીપ સામે, એરપોર્ટ રોડ, સુભાષનગર જિ. ભાવનગર | 1215 | B.P.P. CCCD, CFN, CCC CIC, CPCS. |
| 38. એલ.એન. પટેલ એજ્યુકેશન કોલેજ, | 1325 | B.P.P. CCCD, CFN, CCC CIC, CPCS. |
| 39. વૃંદ બી. એડ. કોલેજ, મુ. પો. ટીમ્બા તા. સતલાસણા, જિ. મહેસાણા | 1326 | B.A, B.Com, B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 40. શ્રી ખાંભલ્યા પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, ગંગાબા મહિલા કોલેજ મુ. બેચરાજી તા. બેચરાજી જિ. મહેસાણા-384210 | 1327 | B.A, B.Com, BPP, CFN, CIC, CPCS, CCC (BAOU), CFM, CCC. |
| 41. વિશ્વભારતી પી.ટી.સી. કોલેજ મુ. કુકસ, પો. લાખવડ, શ્રી પી.એમ. ચૌધરીહાઈસ્કૂલ કેમ્પસ, તા. જિ. મહેસાણા - 384 001. | 1328 | B.A, B.Com, BPP, CFN, CIC, CPCS, CCC (BAOU), CFM, CCC. |
| 42. શ્રીમતી રેવાબહેન ઓ. પટેલ વિમેન્સ કોલજ નવા એસ.ટી. સ્ટેન્ડ પાછળ, મોરબી, જી. રાજકોટ | 1431 | MEG, MHD, MSO, MGT, B.A, B.Com, BPP, CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 43. શ્રીમતી એસ. સી.પી. એફ કોમર્સ કોલેજ મુ. પો. તા. ડભોઈ જિ. વડોદરા-391 110 | 1519 | MEG,MHD,MSO,MGT, B.A, B.Com, BPP, CCCD, CFN, CCC, CIC, CPCS, CMT, CTM, CTE. |
| 44. શ્રી મુક્તજીવન સ્વામીબાપા આર્ટસ કોલેજ પુ. પો. વાઘજીપૂરા તા. સહેરા જિ. પંચમહાલ- 389 120 | 1608 | B.A, B.Com, BPP,CFN, CIC, CPCS, CCC (BAOU), CFM, CCC. |
| 45. ગુજરાત લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ મુ. પો.નંદીસર (પતરાના મુવાડા) તા. ગોધરા જિ. પંચમહાલ | 1609 | B.P.P. CCCD, CFN, CCC CIC, CPCS. |
| 46. શ્રી હાલોલ મહાજન ઉચ્ચ શિક્ષણ મંડળ હાલોલ સંચાલિત એમ. એન્ડ વી.આર્ટસ કોમર્સ કોલેજ કેમ્પસ, ગોધરા રોડ, હાલોલ જી. પંચમહાલ - 389 350 | 1610 | MSO, MGT, MHD, B.A, B.Com, BPP, CFN, CIC CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 47. શ્રી પી.એન. પંડ્યા આર્ટસ શ્રી એમ.પી. પંડ્યા, સાયન્સ એન્ડ શ્રીમતી ડી. પી. પંડ્યા કોમર્સ કોલેજ લુણાવાડા, સતરામપુર રોડ સર્કિટ હાઉસ સામે, લુણાવાડા | 1611 | MSO, MGT, MHD, B.A, B.Com, BPP, CFN, CIC CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 48. એક્સપેરિમેન્ટ કોલેજ ઓફ એજ્યુકેશન સ્ટેશન રોડ. મુ. પો.- પ્રાંતિજ પ્રાંતિજ. જિ. સાબરકાંઠા - 383 205 | 1718 | MSO, MGT, MHD, B.A, B.Com, BPP, CFN, CIC CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 49. શ્રી સી.એસ. દેસાઈ ટેકનીકલ ઈન્સ્ટિટ્યુટ પ્રાંતિજ, (આઈ.ટી.આઈ. પ્રાંતિજ) રેલ્વે સ્ટેશન રોડ મુ. પો. તા. પ્રાંતિજ જિ. સાબરકાંઠા | 1719 | B.P.P., CCCD, CFN, CCC, CIC, CPCS. |
| 50. શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ નેશનલ હાઈવે નં. 8 ઉપર, કમાલપૂર મુ. પો. તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા 383 205 | 1720 | B.A, B.Com, BPP, CFN, CIC CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 51. શ્રી એમ. એમ. મહેતા હાઈસ્કૂલ મુ. પો. ઉભરાણા, તા. માલપૂર જિ. સાબરકાંઠા - 383 335 | 1721 | B.P.P., CCCD, CFN, CCC,, CIC, CPCS. |

| | | |
|---|---|---|
| 52: કોલેજ ઓફ એજ્યુકેશન મુ. પો. દરામલી. તા. ઈડર જિ. સાબરકાંઠા 383110 | 1722 | B.A, B.Com, BPP, CFN, CIC, CPCS, CCC (BAOU), CFM |
| 53. સ્વનિર્ભર બી.એડ્. કોલેજ, મુ. અંતોલી પોસ્ટ, પાણીબાર તા. મેઘરજ જિ. સાબરકાંઠા - 383 251 | 1723 | B.A, B.Com, BPP, CFN, CIC CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 54. શ્રી એકતા એજ્યુકેશન ટ્રસ્ટ (બી.એડ્. કોલેજ) મુ. પો. અંડ્રોખા તા. વિજયનગર જિ. સાબરકાંઠા | 1724 | B.A, B.Com, BPP, CFN, CIC CPCS, CCC (BAOU), CFM, CCC. |
| 55. સરસ્વતી પી.ટી.સી. કોલેજ. મુ. પો. ઘડી તા. પ્રાતિજ જિ. સાબરકાંઠા | 1725 | DCE, DCH, CTE, CCCD, CFN, CEA, CHR, BPP, CES. |
| 56. આર્ટસ કોલેજ મુ. પો. વડાલી, તા. વડાલી, જિ. સાબરકાંઠા | 1726 | MEU, MHD, M.SO, MGT,, B.A, B.Com, BPP, CCC,, CPCS, CIC, CTE. |
| 57. સંજીવની લોકસેવા ટ્રસ્ટ શિવમ કોમ્પ્લેક્ષ, એસ.ટી. સ્ટેન્ડ સામે, હિંમતનગર, સાબરકાંઠા | 1727 | DFM, DACA, DAA, DIN BPP, CCCD, CFN, CTE. |
| 58. શ્રી સ્વામીનારાણ એમ. વી. વિદ્યાલય ન્યુ મંદિર રોડ. અડાજણ સુરત | 1812 | CIC, CCC, C.P.C.S, BPP CCCD, CFN. |
| 59. શ્રી સ્વામીનારાયણ પી.ટી.સી. 'કોલેજ મુ. પો. છાયા તા. જી. પોરબંદર 360 578 | 1903 | B.A, B.Com, BPP, CFN, CIC, CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 60. રાષ્ટ્રીય શિક્ષણ સેવા પ્રતિષ્ઠાન ગુરુકુલ પરિસર (શિશુમંદિર) સરા રોડ મુ. પો. હળદર 363 320 જી. સુરેન્દ્રનગર | 2010 | CIC, CCC, C.P.C.S, BPP CCCD, CFN. |
| 61. રેઈનબો એકેડમી, દરબાર બોર્ડિંગ સામે, જુના નારી કેન્દ્ર 60 ફુટ રોડ, વઢવાણ જિ. સુરેન્દ્રનગર - 363 002 | 2011 | CIC, CCC, C.P.C.S, BPP CCCD, CFN. |
| 62. શ્રી તેજેન્દ્રપ્રસાદજી પી.ટી.સી. કોલેજ C/o શ્રી સ્વામી નારાયણ, સંસ્કારધામ મુ, ધાગ્રધ્રાં, જિ. સુરેન્દ્રનગર | 2012 | B.A, B.Com, BPP, CFN, CIC, CPCS, CCC (BAOU) CFM, CCC. |
| 63, શ્રી શંકર કોલેજ ઓફ એજ્યુકેશન મુ. મણુંદ તા. જી. પાટણ મણુંદ - બણવા રોડ | 2409 | MGT, MSO, MHD, B.A, B.Com, CCC, CIC, CCCD, BPP, CFN, CTE. |

અવલોકન વાંચવા માટેનાં અનેક કારણો મેં પ્રસંગાનુસાર આગળ ધર્યાં હશે, પણ સાચું કારણ આનંદ છે. કેટલાંક અવલોકનો મારે માટે પુસ્તકની અવેજીની ગરજ સારે છે. એ પુસ્તકો સારાં છે કે ખરાબ તેનો સવાલ હોતો નથી. અવલોકન જ એવાં હોય છે કે હું તેનાથી કામ ચલાવી લઉં છું. કેટલાંક અવલોકનો પ્રસ્તુત પુસ્તકો વાંચવા પ્રેરે છે. કેટલાંક વાંચેલાં પુસ્તકોનાં અવલોકનો પણ વાંચું છું- સમીક્ષકનાં મૂલ્યાંકનો સામે મારાં મૂલ્યાંકનો સરખાવી જોવા.

યશવંત દોશી

(નેપથ્યેથી પ્રકાશવર્તુળમાં, ૧૯૯૬માંથી)

## અધ્યયન અને શોધકાર્ય વિષયક...

આ કોલમ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકોના શોધકાર્યનો સંક્ષિપ્ત પરિચય આપવામા આવે છે.

હિન્દી વિષયના વ્યાખ્યાતા ડૉ. કુસુમબહેન શર્માનો શોધકાર્યનો સંક્ષિપ્તમાં પરિચય નીચે મુજબ છે.

**शोध कर्ता** : श्रीमती कुसुम शर्मा

**शोध निर्देशक** : डॉ. सनतकुमार व्यास (प्रो. अध्यक्ष) सरदार पटेल युनि., वल्लभ विद्यानगर

**विषय** : गजानन माधव मुक्तिबोध के काव्य संग्रह 'भूरी भूरी खाक धूल' की प्रमुख दस कविताओं का शैली वैज्ञानिक अध्ययन

**डिग्री** : पी.एच.डी.

वर्तमान काव्य जगत में नये-पुराने सभी प्रमुख साहित्यकारों की कृतियों को शैलीवैज्ञानिक मानदण्डों के तहत देखने की - उनका अध्ययन करने की परम्परा विकसित हुई है। इस दृष्टि से मुक्तिबोध की तो सभी कविताएँ शैली वैज्ञानिक अध्ययन की विशेष अपेक्षा रखती हैं। क्योंकि यह आलोचना प्रणाली भाषिक उपकरणों के माध्यम से कविता पाठ की संरचना का विश्लेषण करते हुए उसी के आधार पर उसके निहितार्थ को खोलती है। इधर मुक्तिबोध की रचनाएँ फलक की दृष्टि से चाहे अधिक लम्बी हो या उनकी अपेक्षा छोटी पर अपने नवीन भाषिक सृजन एवं संश्लिष्ट रचना विधान के कारण अपने समकालीनों की कविताओ से अलगाव प्रकट करती हैं। अतः अन्य आलोचना पद्धति की तुलना में शैलीवैज्ञानिक पद्धति में कवि की काव्य भाषा की विशिष्टता एवं उनके निजी परिवेश को विशेष महत्त्व दिया जाता है। इसीलिए मुक्तिबोध के काव्य संग्रह की कविताओ का शैली वैज्ञानिक अध्ययन मुझे सबसे अधिक प्रासंगिक लगा है। फल स्वरुप उनके दूसरे काव्य संग्रह - 'भूरी-भूरी खाक धूल' की कविताओं - प्रमुख दस कविताओं पर अपने सीमित शैली वैज्ञानिक ज्ञान के सहारे अध्ययन विवेचन के लिए मैं कार्यरत हुई हूँ।

मुक्तिबोध का प्रथम काव्य संग्रह चाँद का मुँह टेड़ा है उनके जीवन के अन्तिम दिनों में ही प्रकाश में आ गया था परिणाम स्वरूप उनका यह काव्य संग्रह हिन्दी काव्य जगत में बहुत ही चर्चित रहा है इस काव्य संग्रह में अधिकांश कविताएँ लम्बी है, रचना विधान नाटकीय है और शिल्प 'फेन्टेसी' से बना हुआ है। इसलिए इस काव्य संग्रह की कविताएँ अपने अनूठे रचना विधान एवं नये (फेन्टेसी) शिल्प के प्रयोग के कारण अपने प्रकाशनकाल से आज तक काफी चर्चित हैं। इस काव्य संग्रह की सबसे लम्बी कविता - 'अंधेरे में' है। खास पर प्रायः सभी आधुनिक लेखकों, समीक्षको ने तथा उनके घनिष्ठ मित्रो ने अपनी प्रतिक्रिया अवश्य व्यक्त की है। परन्तु इसके ठीक विपरीत उनके दूसरे काव्य संग्रह 'भूरी भूरी खाक धूल' पर ले सही तौर पर हिट-पुट रूप में क्रिया - प्रतिक्रिया का कार्य नहीं किया गया है। विशेषत : शैली वैज्ञानिक दृष्टि से अध्ययन के लिए अभी तक इस काव्य संग्रह की कविताओं को किसी आलोचनाया शोधकर्ता ने नहीं उठाया है। इसलिए इस काव्य-संग्रह की कविताओं के अध्ययन - विश्लेषण

के प्रति मेरी उत्सुकता जागृत हुई है ।

प्रस्तुत शोध-विषय - चयन के उपरान्त मुक्तिबोध के कृतित्व एवं व्यक्तित्व से संबंधित प्रकाशित हुई सभी पुस्तकों को विभाग एवं विश्वविद्यालयो के पुस्तकालयो से प्राप्त कर मैंने उनका गहन अध्ययन किया है । मुक्तिबोध द्वारा लिखित समीक्षा ग्रंथो - 'नयी कविता का आत्मसंघर्ष तथा अन्य निबंध' 'एक साहित्यिक की डायरी', 'कामामनी: एक पुनर्विचार' नये साहित्य का सौन्दर्य शास्त्र' द्वारा ही मुझे उनकी कविताओं को समझने की सूक्ष मिली । तपश्चात मैंने उनके प्रथम काव्य संग्रह-६ ''चाँद का मुँह टेड़ा है'' की सभी कविताओं का विशेष अध्ययन किया / विभिन्न पत्र-पत्रिकाओं मं उन पर प्रकाशित लेखों से भी मुझे उनकी कविताओं की गहराई में उतरने की; उनमें बैठने की दिशा का मार्ग-निर्देश प्राप्त हुआ है। तदुपरान्त मैंने मुक्तिबोध के दूसरे काव्य संग्रह- ''भूरी भूरी खाक धूल'' की सभी कविताओं का विशेषरुप से अध्ययन किया है और इन मनन कविताओं का में से अपने विशिष्ट शैली वैज्ञानिक अध्ययन हेतु प्रमुख दस कविताओं का चयन किया है।

पूर्व में कहा जा चुका है कि साहित्यकारों की कृतियों का अध्ययन विवेचन शैली वैज्ञानिक मानदंडो के तहत करने की परम्परा नई विकसित हुई है । इसलिए आलोचना की इस नई कार्यप्रणाली को समझने तथा इसका पूर्ण ज्ञान प्राप्त करने के लिए शैली और शैली विज्ञान की अवधारणा परम्परागत भारतीय परिपेक्ष्य से आधुनिक पाश्चात्य परिपेक्ष्य तक का गहन अध्ययन किया तत्पश्चात आधुनिक भारतीय शैली वैज्ञानिक डॉ. चन्द्रकान्त रावल, प्रो. सुरेशकुमार, प्रो. कृष्णकुमार शर्मा, डॉ. रवीन्द्रनाथ श्रीवास्तव के साथ विचार विमर्श कर शैली विज्ञान के प्रमुख अभिकणों के माध्यम से कविताओं के विवेचन का कार्य शुरु किया ।

इस अध्ययन में अपनी सुविधा के लिए प्रोक्ति (संरचना) के प्रत्येक अंश को शैली विज्ञान के प्रमुख अभिकरण चनय विचलन समानांतरता शैलीय कौशलों के माध्यम से विश्लेषित करते हुए अन्त में सभी अंशो को एक प्रोक्ति रूप में देखते हुए उक्त विश्लेषण के आधार पर उसका प्रोक्तिस्तरीय संश्लेषण किया गया है । इस विश्लेषण प्रक्रिया मे शैलीवैज्ञानिक के प्रमुख अभिकरण पेशबन्दी अर्थात चमन, विचलन, समानांतरता के विविध आयामों को कविता में ध्वनि से लेकर प्रोक्तिस्तर तक प्रतिफलित रूप में देखा गया है। अन्त में उक्त विश्लेषण से निवलंबित संश्लेषण की चर्चा की गई है। इस अध्ययन के लिए चुनी गई कविताओं के नाम इस प्रकार हैं (१) मीठा बेर (२) गलत फिलासफी (३) सहर्ष स्वीकारा है (४) भूरी-भूरी खाक धूल (५) भाग गई जीप (६) नया आदित्य (७) आज जो चमत्कार प्रज्वलित (८) एक मित्र के प्रति (९) मुक्तिकामी तैरों की मोच की चीख (१०) एक फोड़ा हुआ,

इस संदर्भ में उनकी कविताओं की संरचना, फेन्टेसी विम्ब विधान, प्रतीक विधान आदि का अध्ययन किया गया है । शैलीवैज्ञानिक - चयन, विचलन, समांतरता के अभिकरणों के माध्यम से उनके जटिल एवं संश्लिष्ट रचना विधान की विशेषतां दोर को उजागर किया गया है । चूंकी उनकी अधिकांश कविताओं का शिल्प - **रोमांटिक शिल्प केन्टेसी के आधार** पर निर्मित हुआ है । **मुक्तिबोध के इस विशिष्ट शिल्प विधान** को ही परोक्षत: शैलीगत विशेषताओं के 'फलक' पर उभारा गया है । इस तरह इन कविताओं के प्रोक्तीस्तरीय विश्लेषण एवं संश्लेषण से यह स्वीकृत हुआ है कि मुक्तिबोंध ने भाषा एवं शिल्प के प्रचलित प्रयोग से इतर कुछ विशिष्ट शब्दों, सादृशामूलक, विम्बो, प्रतीकों, विशिष्ट व्याकरणिक, साँचों वाक्य के स्थान पर नवीन पटबन्धों, मुहावरों का बहुत ही सुन्दर एवं सार्थक प्रयोग किया गया है ।

इस प्रकार नयी कविता के अग्रणी कवि मुक्तिबोध कवि ही नहीं अपितु एक चिंतन धर्मी कलाकार थे । यद्यपि उन्होंने अपने रचनात्मक चिंतन को किसी विशिष्ट कृति में प्रस्तुत नहीं किया हैं तथापि अपने आलोचनात्मक ग्रन्थों में जगह-जगह काव्य की रचना प्रक्रिया, दृष्टि, चिंतन, यथार्थवादी दृष्टि भाववादी शिल्प आदि संदर्भो में बिचार प्रस्तुत किए हैं जो काव्य कला जगत की नयी उपलब्धि हैं ।

नहीं रचा-प्रक्रिया दृष्टि, चिंतन, यथार्थवादी दृष्टि, भाववादी शिल्प आदि संदर्भो में विचार प्रस्तुत किए हैं जो काव्य-कला जगत की नयी उपलब्धि हैं ।

## પ્રવેશ વિભાગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમોની ઓગસ્ટ 2008ના શૈક્ષણિક સત્રની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગયેલ છે. જેમાં યુનિ.ના અંદાજીત દરેક અભ્યાસક્રમો (પ્રમોટી સાથે) નાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. જે કેન્દ્રો પર 50થી ઓછાં વિદ્યાર્થીઓ નોંધાયેલ હશે તેવા કેન્દ્રો ચાલુ કે સુષુપ્ત રાખવા તે અંગેનો વહીવટી નિર્ણય યુનિ. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ કરી શકાશે. હાલમાં આખા રાજ્યમાં અંદાજીત કુલ 400 જેવાં અભ્યાસકેન્દ્રો યુનિવર્સિટીના પ્રવેશ કાર્ય સાથે સંકળાયેલ છે. આ પ્રવેશ કાર્ય 05 ઓગસ્ટ - 2008 સુધી માન્યતા પ્રાપ્ત અભ્યાસકેન્દ્રો પર કરવામાં આવશે. ત્યાર બાદ '06 ઓગસ્ટ 2008થી 30 ઓગસ્ટ 2008 સુધી વિદ્યાર્થીઓનું એડમિશન 100-રૂ. લેઈટ ફી સાથે કરી શકાશે. ત્યાર બાદ ભરવામાં આવતા પ્રવેશ ફોર્મ અંગેની જવાબદારી જે-તે કેન્દ્ર સંચાલકની રહેશે.

સર્વ કેન્દ્ર સંચાલકોને અનુરોધ કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવતાં દરેક પ્રવેશ ફોર્મ સંપૂર્ણ રીતે ચકાસી ક્ષતિ રહિત યુનિ.ને મોકલી આપવા.પ્રવેશ ફોર્મ મોકલવાના એન્વેલોપ પર સુવાચ્ય રીતે "પ્રવેશ વિભાગ" લખવું. વિદ્યાર્થીઓ દ્વારા કેન્દ્ર, વિષય તેમજ નામ બદલી અંગેની અરજીઓ તા. 10 સપ્ટેમ્બર સુધીમાં યુનિ.ને મોકલી આપવી. જેથી કરીને વિદ્યાર્થીઓને સહન કરવી પડતી અનેક મુશ્કેલીઓનો ત્વરિત નિકાલ લાવી શકાય. ત્યારબાદ મોકલવામાં આવતી દરેક ફરિયાદની સંપૂર્ણ જવાબદારી યથા કેન્દ્રોની રહેશે જે જાણ અર્થે. વોકેશનલ એન્ડ પ્રોફેશનલ અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓની પણ પ્રવેશ પ્રક્રિય ચાલુ છે. આ અભ્યાસક્રમો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. તેમજ ઈન્સ્ટિટ્યુટ

ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ પૂણેનાં સંયુક્ત ઉપક્રમે રાજ્યનાં વિવિધ નિયત અભ્યાસકેન્દ્રો પર ચાલી રહેલ છે. આ અભ્યાસક્રમમાં જોડાવા માંગતા ઈચ્છુક વિદ્યાર્થીઓએ મો. 9725043748 નંબર પર સંપર્ક દ્વારા જાણી શકાશે.

યુનિ.ની માહિતી પુસ્તિકાઓ તેમજ પ્રવેશ ફોર્મ અંગેની વધારાની જરૂરિયાત માટે સર્વ કેન્દ્રોએ પોતાના લેટરપેડ પર જરૂરિયાત અંગેની વિગત સાથે શ્રી એલ.એન. નાઈ ગોડાઉન ઈન્ચાર્જ, ડૉ. બા.આં.ઓ.યુ.ને મોકલવાની રહેશે.

## અભિમુખતા કાર્યક્રમ

વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો અંતર્ગત અભ્યાસ કેન્દ્રોના કો-ઓર્ડિનેટર શ્રીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન તા. 10-9-2008ના રોજ એલ.ડી. આર્ટ્સ કોલેજ ખાતે યોજવામા આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના વ્યાખ્યાતશ્રી હરદીપસિંહ ગોહિલ દ્વારા કો-ઓર્ડીનેટરશ્રીઓનું સ્વાગત કરવામાં આવેલ અને યુનિ. વિષે માહિતી આપવામાં આવેલ.

ત્યારાબાદ ડૉ. ધવલ પડંયા (પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર વોકેશનલ પ્રોફેશનલ કોર્સિસ) દ્વારા કો-ઓર્ડિનેટરશ્રીઓને મટેરીયલ વિતરણ, પ્રવેશ પ્રક્રિયા, કાઉન્સિલીંગ પદ્ધતિ, પરિક્ષા પદધતિ પરિણામ તથા નાણાંકીય બાબતોની વિગતે માહિતી આપવામાં આવેલ. અને કો. ઓર્ડીનેટરશ્રીઓને મુઝાવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવેલ. ત્યારબાદ શ્રી પંકજ શુક્લ (વ્યવસ્થાપકશ્રી **IHTM**) દ્વારા એસાઈમેન્ટ વિષે વિગતે અને ઉંડાણપૂર્વકની માહિતી આપવામા આવેલ અને કો-ઓર્ડિનેટર શ્રીઓને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન લાવવામા આવેલ અંતમાં તેઓશ્રી દ્વારા સહુના સહકાર બદલ આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

## યુનિવર્સિટીના નવા આયામો

Knowledge Management Programme for Faculties (KMPF)

ડૉ. બા.આ. ઓ. યુ. દ્વારા તા. 17-07 તથા 18-7-08ના રોજ જીસીઈઆરટી ગાંધીનગર ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના ભાગરૂપ બ્રિટશ કાઉન્સિલ મુંબઈના સહયોગથી લેંગ્વેજ લેબ કોઓર્ડીનેટરશ્રીઓનો Need Analysis Workshop નું આયોજન થયેલ. આ કાર્યશાળામાં રાજ્યભરમાં કાર્યરત એવી 54 લેંગ્વેજ લેબોરેટરીના ૩૪ કો-ઓર્ડીનેટરશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ કાર્યશાળાના મુખ્ય હેતુ રાજ્યભરના સરકારી અને અનુદાનિત કોલેજના વ્યાખ્યાતાશ્રીઓને ટ્રેઈન કરવા માટેના training Material તૈયાર કરવાનો છે. જેથી રાજ્યભરમાં પ્રચલિત શિક્ષણ પદ્ધતિ તથા અભિગમને અનુરૂપ સામગ્રી તૈયાર થઈ શકે અને તેના દ્વારા વ્યાખ્યાતાશ્રીઓને ટ્રેઈન કરી શકાય.

આ કાર્યશાળામાં British Council દ્વારા વિશિષ્ટ રૂપે તૈયાર થયેલ 4 પ્રકારના forms ના આધારે અલગ અલગ જૂથનાં વ્યાખ્યાતાશ્રીઓ તથા બ્રિટિશ કાઉન્સીલ મુંબઈના હેડ રવોલી કોલસાવાલા વચ્ચે થયેલ ચર્ચા બાદ concrete Conclusion દોરવામાં આવેલ તથા આ બે દિવસ દરમિયાન રવોલી કોલસાવાલા દ્વારા ગાંધીનગર ખાતેથી ઉમા એન્ડ નથીબા કોમર્સ કોલેજ ખાતે અંગ્રેજી તથા ભુગોળના લેક્ચરનું નિરિક્ષણ પણ કરવામાં આવેલ. વ્યાખ્યાતાશ્રીઓ સાથેની ચર્ચા કોલેજ ખાતે થયેલ વ્યાખ્યાનના નિરીક્ષણ પર્યાત આ પ્રોજેક્ટનું ટ્રેનિંગ મટીરીયલ તૈયાર કરવામાં આવનાર છે.

આ પ્રોજેક્ટ અમલ કરવાની જવાબદારી ડૉ. બાબાસાબહેબ આબેડકર ઓપન યુનિવર્સિટીની છે. આ સંબંધિત પ્રોજેક્ટની વધુ માહિતી આગામી મહિનામાં જ્ઞાનગંગામાં પ્રગટ થશે.

## શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા (મુખ્ય સચિવ શિક્ષણ) યુનિવર્સિટીની મુલાકાતે

શ્રી અઢિયા સાહેબે (મુખ્ય સચિવ શિક્ષણ) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. કુલપતિશ્રી પ્રો. એ. કે. સિંહ, બી. ઓ. એમના સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને વ્યાખ્યાતાઓ સાથે માન.કુલપતિશ્રીની ચેમ્બરમાં મળ્યા હતાં. યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ યુનિવર્સિટીની ગતવિધિઓ વિશેનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમોની અભ્યાસ સામગ્રી અને સેટઓડિયલ પ્રોગ્રામની સીડીના પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

> જેના વિના પોતાને ચાલતું નથી એ સૌંદર્ય અને જેનાથી પોતાને ઊતરડી શકતો નથી એ જનસમૂહ એ બે વચ્ચેથી કળાકારે પોતાનો માર્ગ કરવાનો હોય છે. એટલે જ, સાચા કલાકારો કશાયનો તિરસ્કાર કરતા નથી. કોઈપણ બાબત અંગે ચુકાદો આપવા કરતાં તેને સમજવાનો તેમના પ્રયત્ન હોય છે. આ વિશ્વમાં તેમણે જો કોઈ એકનો પક્ષ લેવાનો હોય તો એ માત્ર સમાજનો પક્ષ લે - એવા સમાજનો જેમાં, નિત્શે કહે છે એમ, ન્યાયાધીશ નહીં પણ સર્જક અગ્રેસર હોય, પછી ભલેને એ જીવ શ્રમજીવી હોય કે બુદ્ધિજીવી.
>
> આલ્બેર કામૂ

## પુસ્તક પરિચય

### જ્યોતિપુંજ - લે. નરેન્દ્ર મોદી

પ્રકાશક : પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, 2008




"મારી આ સંસ્કારયાત્રા દરમિયાન દુનિયાની નજરે તદ્દન નાના, છતાંય ઘણા ઊંચા જીવનોની નિકટ આવવાનો અવસર મળ્યો. તેમનો પ્રેમ, તેમની હૂંફ મારી સંસ્કારયાત્રાનાં પ્રેરકબળ રહ્યાં. આ જીવનોની યાદી ઘણી લાંબી છે. પરંતુ ઉપલબ્ધ સમય મર્યાદામાં કેટલાકનું પુણ્યસ્મરણ કરવાનું શક્ય બન્યું છે." ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના પુસ્તક 'જ્યોતિપુંજ'ના આમુખમાં આવી અભિવ્યક્તિ કરે છે.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રચાર માટે નહીં પણ એક વિચાર માટે લખાયેલું પુસ્તક છે. 200 પૃષ્ઠોમાં વિસ્તરેલાં આ પુસ્તકમાં એમનાં વિધવિધ અનુભવોનું બહુવિધ બયાન છે. આ નોખા-અનોખા પુસ્તકમાંથી સહૃદયી ભાવકોએ એકવાર તો પસાર થવું જ રહ્યું.

ભારત માના ચરણે પોતાનું સર્વસ્વ હોમી દેનાર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આવા જ કેટલાક તપસ્વી પ્રચારકોની સ્મૃતિગાથા રજૂ કરવામાં આવી છે. વિવેકાનંદજી, ડૉ. હેડગેવારજી, પપ્પાજી, શતાયુ, ગુરુજી, લક્ષ્મણરાવ, શાસ્ત્રીજી, ઈનામદાર, અનંતરાવકાળે, મધુકરરાવ ભાગવત, કેશવરાવ દેશમુખ, વસંતભાઈ ગજેન્દ્ર ગડકર, ડૉ. વણીકર, નાથાલાલ ઝઘડા, બાબુભાઈ ઓઝા, કાશીનાથજી બાગવડે, બચુભાઈ ભગત, વસંતરાવ ચિપલોણકર અને વાસુદેવરાવ તળવલકર જેવા 16 મહાનુભાવોના નજીક જઈને માણેલી સુગંધને લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરેલ છે. આમા ક્યાંય વ્યક્તિગત અનુભવ નહિ પણ પ્રચારકોની ઉત્કૃષ્ટ રાષ્ટ્રભક્તિ, અગાધ પરિશ્રમ, સંઘની અસ્મિતા અને સ્વાભિમાનને ઉન્નત રાખવાની ધગશનું વર્ણન કરેલ છે. ગુજરાતના રાજકીય ઈતિહાસને ત્રણ દાયકાની તાસીર અને સમકાલીન વિચારકો - કટાર લેખકોની મીમાંસાનું પણ રસપ્રદ વર્ણન કર્યું છે.

સંઘની પાંચ પેઢીના વટવૃક્ષમાંથી 16 પ્રચારકો પ્રત્યેની કૃતજ્ઞતા હૃદયનાં ઊંડાણથી વ્યક્ત કરી છે. આ પુસ્તકમાં સંઘ કાર્યકરનું જીવન કેવું હોય છે - તેનું વર્ણન કરેલું છે. સંઘકાર્યકરના જીવનને તેમણે 'વસંતના ખીલેલું એક પુષ્પ હાથે કરીને પાનખરને બાથ ભીડી લે ત્યારે પાનખરની પણ પાંપણ ભીંજાઈ જાય' તેની વાત આમાં છે.

આ પુસ્તક જૂની પેઢીની દેશભક્તિની સાચી વ્યાખ્યા લઈને આવ્યું છે. રાષ્ટ્રમંચના ત્યાગ, તપ, અને બલિદાન એટલે પ્રચારકોનું જીવન અને એ જીવનને નરેન્દ્ર મોદીએ આબેહૂબ વર્ણવ્યું છે.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પરિવારમાં લોકો પોતાનું જીવન તપાવી રહ્યા છે. જેની કોઈને ખબર હોતી નથી સંઘ વિશે, શાખા વિશે, લાઠીના કાર્યક્રમો વિશે લખાતું, પરંતુ તેની પાછળ કેટલા જીવો હોમાઈ ગયા કોનું કેટલું મોટું તપ છે. જેની કોઈને ખબર નથી તે જાણ શ્રી નરેન્દ્રભાઈએ કરી લોકો સુધી સંઘ કાર્યકરોના તપની તપસ્યાનાં દર્શન કરાવ્યાં છે.

આ પુસ્તક દ્વારા એક જ જીવન અને એક જ લક્ષ રાખી રાષ્ટ્ર માટે પોતાના જીવનને ખપાવી દેનાર લોકો કેટલા ઉચ્ચ હતા એનો નિખાર આ પુસ્તક વાંચતાં-વાંચતાં જ થઈ જાય છે અને સમાજમાં સંઘ વિશે જે ભ્રમ છે તે તૂટે છે.

આ પુસ્તક એવા વ્યક્તિઓ વિશે લખાયું છે કે જેમને ક્યારેય પણ ખબર નહોતી કે આપણા વિશેનું પુસ્તક એક દિવસ લખાશે. આ 'જ્યોતિપુંજ'માં એવા જ્યોતિપુંજો છે કે જેમના પાસે અનેક પ્રલોભનો અને કશુંક મેળવવાની ક્ષમતા હોવા છતાં પડદા પાછળ રહીને રાષ્ટ્રની ગુજરાતની સેવા કરવા પોતાનું જીવન સમર્પિત કરી દીધું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઘડતર સૂક્ષ્મ રીતે પારખવું હોય તો જ્યોતિપુંજ એક દસ્તાવેજ છે. એ કોઈ સાહિત્યિક પરંપરાની ચીજો નહીં પરંતુ મોદીસાહેબના ભાવના દસ્તાવેજો સમી કૃતિ છે.

શ્રી નરેન્દ્ર મોદી ઉત્તમ વક્તા, કુશળ વહીવટકર્તા, કુશાગ્ર રાજ નીતિજ્ઞ, કવિ, વાર્તાકારની સાથે સાથે ઉત્તમ લેખક પણ છે. તેમનો ગદ્યાંશ જોઈએ.

"ગુજરાત હંમેશા માટે શ્રદ્ધેય મધુકરરાવનું ૠણી રહેશે. સ્વાતંત્ર્ય આંદોલન અને ભારત વિભાજનના વિકટ કાલખંડમાં સીમાવર્તી ગુજરાતમાં મધુકરરાવે જે રાષ્ટ્ર સાધના કરી એને કેવી રીતે ભૂલી શકાય?"

આ રીતે પુસ્તકનાં અનેક પૃષ્ઠોમાં ગુજરાત પ્રત્યેની એમની પ્રીતિ છલકાતી રહે છે. "ગુજરાતનાં નાથ"નું બિરૂદ લોકોએ આપ્યું છે એ યથાર્થ જ છે.

આઝાદી પહેલા રાષ્ટ્રીય સ્વયં સંઘ દ્વારા જે કાર્ય કરવામાં આવ્યાં એની બોલતી તસ્વીરથી આજની યુવા પેઢીને ખૂબ પ્રેરણા મળી શકે તેમ છે. રાષ્ટ્ર પ્રત્યેની કર્તવ્યનિષ્ઠાની ભાવના ઉજાગર થાય છે.

- ચેતના શાહ

## પ્રાસંગિક : સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તેમજ R.C. Technical Instituteના સંયુક્ત ઉપક્રમે R.C. Technicalના પટાંગણમાં 61મા સ્વાતંત્રદિનની ઉજવણી પ્રો. અવધેશકુમાર સિંહ માન. કુલપતિશ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

રાષ્ટ્રપર્વના આ કાર્યક્રમમાં R.C. Technical ના પ્રિન્સીપાલ, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર શ્રી, નિયામકશ્રી તેમજ બન્ને શૈક્ષણિક સંસ્થાના અધિકારીઓ, વ્યાખ્યાતા, શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માનનીય કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહે પોતાના ટૂંકા ઉદ્‌બોધનમાં ભારતની આઝાદી માટે જેમણે શહિદી વહોરી હતી તેવા દેશભક્તોને યાદ કર્યા હતાં અને આતંકવાદ જેવા વર્તમાન પ્રશ્નો સામે દરેક નાગરિકે પોતાની ફરજ સમજીને સલામતી માટે વધારે સાવચેત બનવા પર ભાર મૂક્યો હતો. તેમણે આ ટેક્નોલોજીના યુગમાં યોગ, ઉદ્યોગ અને સહયોગથી ભારત અને ગુજરાતને વિકાસની સીમાઓ સુધી પહોંચાડવા સૌને પ્રોત્સાહિત કર્યા અને સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નમાં સૌને પોતાની ક્ષમતા પ્રમાણે યોગદાન આપી ભાગીદાર થવા જણાવ્યું. અંતમાં તેઓશ્રીએ યુનિવર્સિટીના નવા આયામો અને તેના અમલીકરણની વ્યૂહરચનાથી સૌને માહિતગાર કર્યા હતા.

R.C. Technical ના પ્રિન્સીપાલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સર્વને શુભેચ્છા પાઠવી અને R.C. Technical ના NCC ના વિદ્યાર્થીઓની પરેડ બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## અધ્યયન-અધ્યાપન સામગ્રી પ્રદર્શની

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના વિવિધ અભ્યાસક્રમોના માર્ગદર્શન માટે અધ્યયન અધ્યાપન સામગ્રીની પ્રદર્શની તા. 30-8-08ના રોજ એચ.કે. આર્ટ્સ કોલેજના કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટના ઉપક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના સહયોગથી "ન્યુ હોરીઝોન્સ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી" વિષય પરના સેમિનારમાં ખુલ્લી મુકવામાં આવેલ.

સદર સેમિનારમાં વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ માન. અશોકભાઈ ભટ્ટ સાહેબે સેમિનારને હાઈટેક ટેક્નોલોજીમાંથી ખુલ્લો મુક્યો હતો. આ સેમિનારમાં વેબ સાઈટ કેવી રીતે બનાવી શકાય, નાના મોટા ગ્રાફિક્સ કેવી રીતે સરળતાથી બનાવી શકાય તથા ટુ.ડી., થ્રી ડી. એનીમેશન કેવી રીતે બનાવી શકાય



પ્રદર્શનની મુલાકાત લેતા અશોક ભટ્ટ (અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાન સભા), પરિમલ ત્રિવેદી (કુલપતિશ્રી ગુજ. યુનિ.), બિમલ પંડ્યા (પ્રા.એચ. કે. આર્ટ્સ કોલેજ)

નેટવર્કીંગની નવી ક્ષિતિજો કેવી હશે? તથા એકાઉન્ટીંગ ક્ષેત્રે નવી પ્રવેશેલી નીતિ આધારિત સરળતાથી કોમ્પ્યુટરાઈઝ્ડ એકાઉન્ટ કેવી રીતે લખી શકાય તથા ખાસ આર્ટ્સ વિષયના વિદ્યાર્થીઓએ ટેલી એકાઉન્ટ કેવી રીતે સરળતાથી ઉપયોગી થઈ શકે તે વિશે પ્રેઝન્ટેશન નિષ્ણાંત તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે H.K. College ના કમ્પ્યુટર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા કમ્પ્યુટરના બિન ઉપયોગી ભાગમાંથી તૈયાર કરેલ રોબોર્ટ,માઉસની ગાડી, લેપટોપ, પ્લેન થ્રેડ દ્વારા ભરત ગુંથણથી કમ્પ્યુટરનું પ્રદર્શન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોના માર્ગદર્શન અને ગુજરાત નોલેજ કમિશનના અભ્યાસક્રમોના માર્ગદર્શન માટે યોજાયેલ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી પરિમલ ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી અશોકભાઈ ભટ્ટ, પરિમલ ત્રિવેદી, પ્રા. સુભાષ બ્રહ્મભટ્ટ તેમજ હાજર રહેલ અન્ય તજજ્ઞો અને વિદ્યાર્થીઓ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હાજર રહેલ યુનિવર્સિટીના ગ્રંથપાલ ચેતના શાહે મુલાકાત લેનાર તમામ યુનિવર્સીટીના વિવિધ અભ્યાસક્રમો વિશે માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

આ ઉપરાંત 31 ઓગસ્ટના રોજ 80 કોલેજના વિદ્યાર્થીઓએ કમ્પ્યુટર ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો આ "ક્વીઝ"ની વિશેષતા એ હતી કે સતત ચોથીવાર ઓનલાઈન મલ્ટીમીડીયા પ્રેઝન્ટેશન દ્વારા તે યોજાઈ હતી અને આમાં ખાસ નોંધવા જેવી બાબત એ છે કે **ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના 10 (દસ) સેન્ટરના આશરે** 25 જેટલા વિદ્યાર્થીઓ પણ ક્વીઝમાં ભાગ લીધો હતો તે ખૂબ આનંદની વાત છે.

સદર સેમિનારમાં એચ-કે કોલેજના પ્રો. વિમલ પંડ્યા દ્વારા લિખિત કોલેજ દ્વારા પ્રકાશિત કમ્પ્યુટર વિષયનાં પાંચ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

## પરિસંવાદ, પ્રતિનિધિત્વ અને અન્ય :

**1. Lectures by the Hon. Vice Chancellor**

- Delivered lectures on ``Excellence in Research in Higher Education, Benchmarking in Higher Education and ``Knowledge Management'' held in Ganpat University, Kherva and SITI, Ghandhinagar organized by Commissioner, Higher Education as part of Karmayogi Training Project.
- Delivered Plenary Address to the State level Seminar on ``Quality Maximization in Higher Education Institutions (HEIs) through Internal Quality Assurance Cell (IQAC)'' organized by M. P. Arts and M. H. Commerce College for women, Ahmedabad on July 13, 2008.
- Delivered Keynote Address to the National Seminar on ``Literature and Society'' organized by S. D. Arts & B.R. Commerce College, Mansa on July 25 & 26, 2008.
- Delivered Plenary Lecture to the Seminar on ``ઉત્તર આધુનિકતા અને ભારત.'' organized by S. D. Arts & B.R. Commerce College, Mansa on July 29 & 30, 2008.
- Delivered Keynote Address to the Seminar on ``National Knowledge Commission'' on August 2, 2008 at Gandhinagar organized by Bhartiya Shikashan Mandal.
- Delivered Lecuture on ``Learning Culture in Indian Tradition'' organized by Surendranagar Education Society, Surendranagar on August, 8, 2008.
- Presented a paper ``Language, Library and Translation'' to the National Seminar on ``National Knowledge Commission Recommendations and their Impact on India'' organized by Shiksha Sanskruti Utthan Nyas, Gujarat University and Dr. Babasaheb Ambedkar Open University at Ahmedabad on August 9, 2008.
- Attended the meeting regarding ``Inter University Consorium for Techonology Enabled Felxible Education and Development (IUC-TEFED)'' at IGNOU, New Delhi on August 12, 2008.
- Delivered Valedictory Addfess on ``Bhakti, Shastra and Darshan'' to the Seminar on ``Bhartiya Darshnoma Gyan ane Bhakti'' organized by Sahitya Akademi and St. Xavier's College on August 23, 2008.
- Delivered Special Lecture to the Seminar on ``National Knowledge Commission'' organized by Vadnagar Arts College, Vadnagar as a part of Swarnim Gujarat Celebration Week on August 28, 2008.
- Delivered Special Lecture on ``Sanskrit Studies in 21st Century'' on September 6, 2008 in Sanskrit University, Somnath.

૨. આ યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે જોડાયેલા અને જાણીતા વિવેચક, 'પ્રત્યક્ષ'ના સંપાદક, ડૉ. રમણ સોનીએ તા. 21-09-2008ના દિવસે વડોદરા ખાતે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્લી દ્વારા યોજાયેલા સાપ્તાહિક પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન કર્યું ને પુસ્તકે પોતાના વાચકની દિશામાં જવું જોઈએ એ બાબતે વક્તવ્ય કર્યું.

3. ગુજરાતીના અધ્યાપક હરદ્વાર ગોસ્વામીને દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા આશાસ્પદ સર્જક તરીકે 'ટ્રાવેલ ગ્રાન્ટ' મળી છે.

આ યોજના અંતર્ગત એમણે હિમાચલ પ્રદેશની મુલાકાત લઈ, ત્યાંના સર્જકો સાથે સંવાદ કર્યા હતા. સીમલામાં રહીને સાહિત્યકૃતિનું સર્જન કર્યું હતું. દિલ્હીના સુખ્યાત સર્જકોની સાથે પણ ગોષ્ઠી કરી હતી.

- તા. 17-8-08ના રોજ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત સિહોર (જિ. ભાવનગર) મુકામે યોજેલ કવિ સંમેલનમાં હરદ્વાર ગોસ્વામીએ કાવ્ય પઠન તથા સંચાલન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિ હતી. સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી કિરીટ દૂધાત, વિનોદ જોશી, મનોહર ત્રિવેદી અતિથિ વિશેષ તરીકે હતા.
- તા. 22-8-08ના રોજ રાજકોટ મુકામે કવિશ્રી મનોજ ખંડેરિયાની સ્મૃતિમાં પૂ. મોરારિબાપુની પ્રેરણાથી યોજેલ કવિ સંમેલનમાં હરદ્વાર ગોસ્વામીએ કાવ્યપઠન કર્યું હતું.

## રેડીઓ પ્રોગ્રામ

તા.17-8-08ને રવિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રથમ વર્ષના અભ્યાસક્રમને અનુલક્ષીને "ગુજરાતીમાં પદ્ય" વિશે જ્ઞાનવાણી રેડિયો પર લાઈવ ફોન ઈન કાર્યક્રમનું પ્રસારણ થયું હતું. વિષય નિષ્ણાત તરીકે ડૉ. અજય રાવલ અને ઍંકર તરીકે ગુજરાતીના અધ્યાપક શ્રી હરદ્વાર ગોસ્વામીએ સેવા આપી હતી. અનેક શ્રોતાઓએ ફોન કરીને એમની જિજ્ઞાસા સંતોષી હતી.

## મુખ્યમંત્રી દ્વારા રમણભાઈ પટેલનું કરાયેલુ સન્માન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્ર બનાસ જન કલ્યાણ ટ્રસ્ટ, અમીરગઢના સંયોજનના રમણભાઈ પટેલનું સામાજિક સેવા ક્ષેત્રમાં કરેલ પ્રદાનનું સગૌરવ સ્મરણ કરી પાલનપુર-બનાસકાંઠામાં આયોજિત 62મા સ્વાતંત્ર પર્વના રાજ્યકક્ષાના મહોત્સવની ઉજવણી પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા સન્માનનીય શ્રી રમણભાઈ પટેલનું માનનીય



રમણભાઈ પટેલનું શાલ ઓઢાડી સન્માન કરતાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રી દ્વારા શાલ ઓઢાડી, સન્માનપત્ર અને સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કરાયું હતું. તેમનો જન્મ વિસનગરમાં થયો હતો ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કર્યા બાદ નોકરી કરવાને બદલે તેમણે સમાજસેવા કરવાનું નક્કી કર્યું અને પોતાનું ઘરબાર છોડી 1974-75થી અમદાવાદ, મહેસાણા અને હવે અમીરગઢ પંથકમાં રહી છેલ્લા 30 વર્ષથી વિવિધ સંસ્થાઓના માધ્યમથી સમાજીક તથા શૈક્ષણિક સેવાઓ આપી રહ્યા છે.

બાલ્યકાળથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કારો લઈને વિવિધ ક્ષેત્રોમાં જેવા કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓને હલ કરવા તથા યુવાશક્તિને રચનાત્મક કાર્યો તરફ વાળવા માટે તેમણે કાર્યો કર્યા.

વિકલાંગ ક્ષેત્રે રાષ્ટ્રીય અંધજન કલ્યાણ સંઘ મહેસાણા જિલ્લા શાખા દ્વારા અંધજનોના શૈક્ષણિક અને પુનર્વસનના પ્રશ્નો અને સમસ્યાઓથી સમાજને જાગૃત કરી તેમની સંવેદનાઓમાં સહાયક થવા માટે તેમને સ્વમાનભરી જિંદગી આપવા તથા રોજગાર મળી રહે તે માટે કાર્યો કરી રહ્યા છે.

શૈક્ષણિક ક્ષેત્રે બાળકો પોતાની રસ રુચિ યુક્ત શિક્ષણ મેળવે, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો આધારિત ચરિત્ર નિર્માણનું શિક્ષણ મેળવે, રાષ્ટ્રીય સાંસ્કૃતિક પરંપરા પ્રત્યે સ્વાભિમાન અને ગૌરવનું નિર્માણ કરે આવા ઉદ્દેશ્યોને આગળ ધપાવવા વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંસ્થા સાથે મળી ઉત્તર ગુજરાતમાં સરસ્વતી વિદ્યામંદિર નામની અનેક શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવામાં તેમનું મહત્ત્વનું યોગદાન છે.

હાલમાં અમીરગઢ પંથકમાં રહી વનવાસી વિસ્તારોના અંતરિયાળ ગામોમાં રહેતા બાળકો શિક્ષણથી અલિપ્ત ન રહી જાય તે માટે પ્રાથમિક, માધ્યમિ શાળાઓ, નિવાસી આશ્રમશાળાઓ અને વનવાસી છાત્રાલયો ચલાવી રહ્યા છે. વનવાસી વિસ્તારમાં વધુ સારી રીતે તેઓ શૈક્ષણિક, સમાજિક અને આર્થિક રીતે વિકાસ કરી શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા તાલુકા આદિજાતી વિકાસ સમિતિ અમીરગઢમાં સભ્ય તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે.

અમીરગઢ તાલુકાના ગામડાઓ અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં આવેલા હોવાથઈ તેમજ વનવાસી પ્રજા આર્થિક રીતે પણ પછાત હોવાથી દૂરના વિસ્તારમાં ઉચ્ચ અભ્યાસ માટે જઈ શક્તા નથી માટે તે અભ્યાસથી વંચિત રહી જાય છે. તો વિદ્યાર્થીઓને ઘરેબેઠાં ઉચ્ચ અભ્યાસ મળે એ કમ્પ્યુટરનું જ્ઞાન મેળવી શકે તેવા હેતુથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર વર્ષ 2006થી અમીરગઢ પંથકમાં તેમના પ્રયત્નોથી શરૂ કરવામાં આવેલ છે.

આમ તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉદ્દેશ સમય, ધન તથા અન્ય પ્રતિકૂળતાને કારણે શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેલા લોકોને ઘરેબેઠાં શિક્ષણ મળી રહે તેને સાર્થક કરવામાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે.

આમ શ્રી રમણભાઈ પટેલે પોતાનું સમસ્ત જીવન વનવાસી પ્રજાના સામાજિક અને શૈક્ષણિક સેવાઓમાં સમર્પિત કરેલ છે. જે ધન્યવાદને પાત્ર છે તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માટે ગૌરવને પાત્ર છે.

## યુનિવર્સિટીની નવી નિયુક્તિઓ

(1) ડૉ. રમણભાઈ સોની પ્રોફેસર (ગુજરાતી) 11-9-2008
(2) શ્રીમતી દક્ષાબહેન ઠાકર રીડર (સમાજશાસ્ત્ર) 5-7-2008
(3) હરદ્વાર ગોસ્વામી વ્યાખ્યાતા (ગુજરાતી) 23-7-2008
(4) નવનીત ગાયકવાડ વ્યાખ્યાતા (સમાજશાસ્ત્ર) 4-8-2008
(5) પારુલબહેન દવે વ્યાખ્યાતા (એજ્યુકેશન) 1-8-2008

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિરેક્ટરી માટે કેન્દ્રોને અગત્યની સૂચના

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ગુજરાત રાજ્યના ચાર ઝોનમાં યુનિવર્સિટી સહાય સેવા કેમ્પનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ તે અન્વયે ઉત્તર ગુજરાત, પાટણ અને દક્ષિણ ગુજરાતમાં સુરત ખાતે કેમ્પનું આયોજન થયેલ તે અન્વયે સંયોજકશ્રી પરામર્શકશ્રીઓની માંગણીને ધ્યાને રાખીને યુનિવર્સિટી દ્વારા એક ડિરેક્ટરીનું પ્રકાશન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તે અન્વયે યુનિવર્સિટીના તમામ કેન્દ્રોને પત્ર પાઠવવામાં આવેલ છે. ડિરેક્ટરી માટે યુનિવર્સિટીના અભ્યાસ/ પ્રોગ્રામ કેન્દ્રોને માહિતી મોકલવા સાથે પુનઃસ્મરણ-નિમંત્રણ પાઠવવામાં આવે છે.

તમામ કેન્દ્રોના સંયોજકશ્રીઓએ તા. 30-10-09 સુધીમાં નીચે મુજબની માહિતી ગ્રંથપાલશ્રી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નામે મોકલી આપવા વિનંતી.

1. કેન્દ્રનું નામ ----------
   સરનામું ----------
   કોડનં. ----------
   સ્થાપના વર્ષ ----------
   ફોન નં. ----------
   ફેક્સ/ઈ-મેઈલ એડ્રેસ ----------
2. સંયોજકશ્રીનું નામ ----------
   કાયમી સરનામું ----------
   ફોન નં :----------
   ઈ-મેઈલ એડ્રેસ ----------
3. સહસંયોજકનું નામ ----------
   કાયમી સરનામું ----------
   ફોન નં :----------
   ઈ-મેઈલ એડ્રેસ ----------
4. ક્લાર્કનું નામ ----------
   કાયમી સરનામું ----------
   ફોન નં :----------
   ઈ-મેઈલ એડ્રેસ ----------

## મોબાઈલ સ્ટડી સેન્ટર...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ જેમ છેવાડાના માણસ સુધી શિક્ષણની તક પહોંચાડવા





કટિબદ્ધ છે તેવી જ રીતે યુનિવર્સિટી રાજ્યના અંતરિયાળ વિસ્તાર માટે ઉપયોગી એવા ટૂંકાગાળાના અભ્યાસક્રમો દ્વારા ભૌગોલિક અને આર્થિક પ્રતિકૂળતાઓને લીધે શિક્ષણથી વંચિત એવા વર્ગ માટે એક મહત્ત્વાકાંક્ષી યોજના સાકાર કરી રહી છે. આ ઉદ્દેશથી યુનિવર્સિટી મોબાઈલ સ્ટડી સેન્ટરની શરૂઆત કરવા જઈ રહી છે જેના દ્વારા વિવિધ વિષયના સર્ટીફીકેટ કોર્સ જેવા કે યોગા, કમ્પ્યુટર, હેલ્થકેર, અંગ્રેજી વગેરે શરૂ કરવામાં આવનાર છે. આ યોજનાનો લાભ અંતરિયાળ વિસ્તારમાં ખેતી સાથે સંકળાયેલ લોકો અને મહિલાઓ વિશેષ રૂપે લઈ શકશે કે જે પ્રતિકૂળ પરિસ્થિતિઓને લીધે પારંપરિક શિક્ષણનો લાભ લઈ શક્યા નથી.

આ મોબાઈલ સ્ટડી સેન્ટર અત્યાધુનિક સાધનો અને સુવિધા જેવી કે કમ્પ્યુટર, ઓડિયો-વિડિયો પ્લેયર, પ્રોજેક્ટર, જનરેટર વગેરેથી સજ્જ હશે. આ સુવિધા ત્યાં ઉપલબ્ધ થશે જ્યાં આ યુનિવર્સિટીના સ્ટડી સેન્ટરની સુવિધા હાલમાં ઉપલબ્ધ નથી. આ મોબાઈલ સ્ટડી સેન્ટરમાં આધુનિક સાધનો દ્વારા કમ્પ્યુટર લીટરસી, ફંકશનલ ઈંગ્લિશ, યોગા, હેલ્થકેર વગેરે વિષયો પર ઓડિયો-વિઝ્યુઅલ રજૂ કરવામાં આવશે.

**BOOK POST**

STAMP

To, ______________________

______________________

______________________

______________________


રવાના :

કુલસચિવશ્રી,

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

આર.સી. ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ,

ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,

સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (ગુજરાત)

feedback@baou.org, વેબસાઈટ : www.baou.org


## જ્ઞાનગંગા સંદર્ભે નમ્ર નિવેદન :

પરિવર્તન એ એક સતત પ્રક્રિયા છે. તે પરિવર્તન માટે અમે આતુર છીએ. આપના અભિપ્રાય માટે આપના પ્રતિભાવ માટે... આપના પ્રતિભાવથી જ અમે જ્ઞાનગંગા મુખપત્રમાં પ્રકાશિત માહિતીમાં અને રજૂઆતમાં અમુલ્ય પરિવર્તન લાવી શકીશું. આપના રચનાત્મક સૂચનો માટે - આપના સેન્ટરે દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થી માટે કરેલ કામગીરી કે મેળવેલ સિદ્ધી સંયોજકને મોકલવાની કે જેથી કરીને સૌના સહકારથી મુખપત્રને વધુ માહિતી સભર બનાવી શકાય.

<u>સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા</u>


સંયોજકશ્રી

શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી. ટેક્નિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, સોલા, અમદાવાદ-60



તંત્રી, પ્રકાશક : કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર. સી. ટેક્નિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, સોલા અમદાવાદ-60

સંપાદક મંડળ : ચેતના શાહ, કુસુમ શર્મા

પરામર્શક : ડૉ. રમણ સોની

કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : શ્રી સાંઈ કોમ્પ્યુટર, કૃષ્ણનગર ન્યુનરોડા. (મો. 9327695023)